




Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 November - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

# બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર



બાળકોને શ્રી કવિનભાઈ શાહ તથા પરિવાર તરફથી શર્ટપીસ વિતરણ



સ્વચ્છ દાંત, સ્વસ્થ મુસ્કાન



બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૩



સ્વચ્છતા હી સેવા...



TTC (HI) દ્વારા ડેફ ડે - ૨૦૨૩ની ઉજવણી



TTC (HI) દ્વારા S.T. બસ સ્ટેન્ડમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત શ્રમકાર્ય

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરા મૂંગા શાળા તસ્વીર સમાચાર...........૦૨
- INDEX...............................૦૩
- CONTENTS AT A GLANCE .....૦૪
- ૨૦ વર્ષમાં ૨૬૦૦૦ મોતિયાના ઓપરેશન સાથે જિલ્લામાં અવ્વલ છે PNR હોસ્પિટલ ..........૦૫
- સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટ્સ ફેડરેશન, ગુજરાતના પ્રમુખ તરીકે શ્રી પારસભાઈ શાહ ...................૦૬
- ૭૦ લાભાર્થીઓને ટ્રેકસૂટ વિતરણ.............૦૬
- પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ અને હેલ્થી એજિંગ દ્વારા નવરાત્રિની ઉજવણી........................૦૬
- નટરાજ સી. પી બાળકોની શાળા..............૦૭
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ ......૦૯
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.....................૧૨
- પી.એન.આર. હોસ્પિટલ ....................૧૩
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર....૧૩
- અંબા સી. પી. હોસ્ટેલ.......................૧૪
- સ્લો-લર્નર પ્રોજેકટ.........................૧૪
- શ્રી શાહ ખી.લ. બહેરા મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ).........................૧૫
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ.મા.શાળા.......૧૬
- શ્રીમતી પી.આર. વાધર સાધન સહાય વર્કશોપ..૧૭
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ .......૧૮
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ..........૨૦
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા.........૨૧
- ટ્રેનિંગ કોલેજ ફોર આઈ. ડી. ચિલ્ડ્રન..........૨૨
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ .......૨૩
- બધિરોની માતૃભાષા - સાઈન લેંગ્વેજ..........૨૩
- તસ્વીર સમાચાર...........................૨૪
- ડોનેશન લિસ્ટ.............................૨૫
- ફેમિલી ફોરમ અંતર્ગત 'રેવા'ફિલ્મ શો અને ફિલ્મના કલાકારોનું સન્માન.........................૨૬
- PNR તસ્વીર સમાચાર.....................૨૭


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## નૂતન વર્ષ : દિવ્યાંગો માટે આશાનું કિરણ

વિક્રમ સંવત ૨૦૮૦ના નૂતન વર્ષનું સ્વર્ણ પ્રભાત આપ સૌ વાચકો માટે આશા, ઉમંગ, ઉત્સાહ સાથે કલ્યાણકારી નીવડે, તેવી સંસ્થા પરિવાર વતી શુભેચ્છાઓ.

કોરોના સંક્રમણ સમયની બે વર્ષની ખોડંગાયેલી સ્થિતી, આ વર્ષે આપણા દેશના તમામ ક્ષેત્રોમાં જોશભેર કામ કરી ગાડી પાડે ચડી ગઈ છે.

આધુનિક સમયમાં, અનેક નવી વૈજ્ઞાનિક-ટેકનોલોજી ક્ષેત્રે થયેલી શોધખોળોથી દિવ્યાંગોના જીવનમાં ખૂબ પરિવર્તન આવી રહ્યું છે. સાથે જ સેવાભાવી સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો અને સરકારશ્રીના સઘન પ્રયાસોથી દિવ્યાંગોનો ઉત્કર્ષ થઈ રહ્યો છે.

તાજેતરમાં હાંગઝાઉ-ચીન ખાતે યોજાયેલી **પેરા એશિયન ગેઈમ્સ-૨૦૨૩** માં, દિવ્યાંગ ખેલાડીઓએ આંતર રાષ્ટ્રિય ક્ષેત્રે ભારતનો સર્વ શ્રેષ્ઠ દેખાવ કરી ઈતિહાસ રચી દીધો છે. સન ૨૦૧૦ માં જ્યાં આપણા ખેલાડીઓએ એક ગોલ્ડ સાથે ફક્ત ૧૪ પદકો જીત્યા હતાં. જયારે આ વખતે આપણા આ દિવ્યાંગ ખેલાડીઓએ ૨૯ ગોલ્ડ, ૩૧ સિલ્વર અને ૫૧ બ્રોન્ઝ સાથે કુલ ૧૧૧ મેડલ જીતી શાનદાર દેખાવ કર્યો છે. આમાં આપણા ગુજરાતના ૬ ખેલાડીઓએ ૯ મેડલ જીતી ગૌરવ અપાવ્યું છે. તમામને ખૂબ-ખૂબ અભિનંદન.

રશિયા-યુક્રેન યુધ્ધ અને મિડલઈસ્ટમાં ઈઝરાયલ-હમાસ યુધ્ધે, ત્રીજા વિશ્વયુધ્ધ બાજુ તો નથી જઈ રહ્યાંને ? તેવી ભીતી પણ જગાવી છે. આજે વિશ્વમાં કયાંય પણ બનતી ઘટનાઓ આપણને પણ અસર કરતી હોય છે. આ યુધ્ધમાં હજારોની સંખ્યામાં લોકો વિકલાંગ બની રહ્યાં છે, તે દુઃખદ છે.

આપણા સૌના સહિયારા પ્રયાસોથી, તમામ ક્ષેત્રોમાં દિવ્યાંગોની સર્વાંગિ પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ આ નૂતન વર્ષના પ્રારંભે પાઠવીએ...

**કિરીટ રાઠોડ**

**પોતાના ભૂતકાળને જ સન્માનતો રહેતો માણસ, આગળ જોવા માટેનું ભવિષ્ય ધરાવવા માટેનો એ લાયક રહેતો નથી.**

**આયરીશ નાટયકાર - ઓસ્કર વ્હાઈલ્ડ**


Koshish Thi Kamyabi
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૩૧/૪૯૭**
  ૧૫ નવેમ્બર- ૨૦૨૩
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**




- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

K. D. PADIA



### ◈ PNR Society Honoured

Apart from organising tracksuits distribution by Cerebral Palsy Sports Federation of Gujarat in the PNR Society, the election of Shri Parasbhai Shah, Secretary General of the PNR Society as President of the Cerebral Palsy Sports Federation of Gujarat was a great honour to the PNR Society and its chief functionary. Congratulations to Shri Parasbhai!

### ◈ C. P. School Surprises

The Nataraj Cerebral Palsy School's having heavy schedule of Orthosis Management Camp benefitting 16 disabled children, Mega Assessment Camp benefitting 80 disabled, Parents Training Programme involving planning of festival celebrations online, celebration of C. P. Day during 3rd Oct., 2023 to 10th Oct., 2023 where in gynecologist Dr. Pujaben Ghori gave deep understanding of "Healthy Antinatal Condition and Motherhood", and "Role of Yoga in Pregnancy" discourse by Dr. Purvi Pawar and "Rights of Disabled" delivered by SDO Shri Chudasama – were very educative. Yoga training at Lonawala during 11th Oct. '23 to 14th Oct. '23, celebration of Anti-Ragging Day, 'Shri Ganesh Visarjan' and gifts to disabled children organised by C. P. School have drawn large crowds of parents of disabled and normal children.

### ◈ KLID Continues its Journey with Excellence

"Healthy Tooth and Healthy Smile" camp for its wards, celebration of 'Badhir Saptah' and 'Badhirotsava' have been chief attractions. 'Swachchhata is Seva – 2023' and 'Balvigyan Exhibition' kept staff and wards of all schools of the K. L. Institute for the Deaf (KLID) busy. Welcome to new Principal of Primary Section, "Shirt Piece distribution" among wards on the eve of Diwali, understanding 'Shradh', etc. were educative and informative programmes. This is not all. Teachers' Training College of KLID celebrated "International Day of Sign Language Day" in the last week of September besides online CRE taking help of 9 Resource Persons from outstations, RCI Online Meeting, etc. have been quite educative and informative. KLID's third arm – P. R. Vadhar Artificial Limb Center supplied and fitted aids and appliances to 180 beneficiaries.

### ◈ Other Activities

Ankur School for Mentally Retarded's training to the parents of its wards, Board of Trustees Meeting, Cleanliness Campaign, visit to police stations and C.P. School by its wards and organization of State Level Conference of Principals; Celebration of Teachers' Day, Balvaigyanik Exhibition, Ganesh Utsav, visit to Dakshinamurthy School, Meeting on Inclusive Education, cleanliness campaign, Bhasha Utsava educating about "Nature and Environment", etc. of K. N. Shah Hightech Inclusive School; Disha cum Vikas Project's onward journey; Services of PNR Special Hospital and V. C. Lodhawala Hospital, Important news, etc. are carried in this issue.

# ૨૦ વર્ષમાં ૨૬૦૦૦ મોતિયાના ઓપરેશન સાથે જિલ્લામાં અવ્વલ છે

# PNR હોસ્પિટલ

## ઓપરેશન અને ફોલોઅપની સુવિધા એક જ છત્ર નીચે ઉપલબ્ધ હોય, લોકો માટે આશીર્વાદરૂપ



એક સમયે બહુ કપરું અને મોટું ગણાતું આંખના મોતિયાનું ઓપરેશન, આધુનિક સાધનો તથા તબીબી સુવિધાના કારણે હવે સરળ અને ચિંતામુકત બન્યું છે. મોતિયો દૂર કરવાની પ્રક્રિયા હવે ૩૦ મિનિટથી ઓછા સમયમાં શક્ય બની છે. આવી આધુનિક સુવિધા સાથે ભાવનગર જિલ્લામાં સૌથી વધુ મોતિયાના ઓપરેશન **PNR** હોસ્પિટલ, અંધશાળા કેમ્પસ, ભાવનગરમાં થયા છે અને તેમાં પણ ૫૫% થી વધુ ઓપરેશન તો તદ્દન વિનામૂલ્યે. **PNR** હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા જણાવે છે કે, “છેલ્લાં ૬ મહિનામાં અહીં ૨૭૦૦ મોતિયાના ઓપરેશન થયા છે. અમે આ કરી શકીએ છીએ તેની પાછળ સંસ્થાનો શુભ હેતુ, દાતાઓ તરફથી મળતો સહયોગ અને તબીબોની નિષ્ઠા, પાયામાં છે. જિલ્લા અંધત્વ નિવારણ પ્રોગ્રામ અંતર્ગત વિનામૂલ્યે અને દાતાઓના સહયોગથી અહીં રાહતદરે ઓપરેશન થઈ રહ્યાં છે અને તે પણ આધુનિક સાધનોની મદદથી. ૨૦ વર્ષમાં ૨૬૦૦૦ મોતિયાના ઓપરેશન થયા અને તેમાં ૧૬૦૦૦ તો વિનામૂલ્યે કરાયા છે.”

આંખના સર્જન સર્વશ્રી ડૉ. પાયલ અરોરા, ડૉ. કિંજલ જુલાસણા ફુલટાઈમ અને ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. હર્ષા મહેશ્વરી પાર્ટ ટાઈમ સેવા આપી રહ્યાં છે અને રોજની ૪૫ થી ૫૦ ઓપીડી અને ૧૦ થી ૧૨ ઓપરેશન થઈ રહ્યાં છે. મોતિયાના ઓપરેશન ઉપરાંત, યાગ લેઝર એટલે કે આંખની છારી કાઢવાનું કામ એકદમ રાહતદરથી અહીં થાય છે. આ સારવાર નિઃશૂલ્ક-રાહતદરે ભાવનગરમાં બહુ ઓછી જગ્યાએ ઉપલબ્ધ છે. આ ઉપરાંત અહીં આંખોની તપાસ ઝામર, વેલ, પરવાળા માટે પણ નિદાન-સારવાર ઉપલબ્ધ છે.

૨૦૦૪ માં આ **PNR** હોસ્પિટલમાં ઓપીડી સાથે આંખનો વિભાગ જયાલક્ષ્મી વૃજલાલ મહેતા અને વૃજલાલ ઓધવજી મહેતા અમરેલીવાળાના સહયોગથી શરૂ થયેલ આ તબીબી સેવા પ્રવૃત્તિમાં, ડી. કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ-મુંબઈ અને તેમના પરિવારનો પણ સહયોગ મળ્યો છે, તેમ જણાવી સંસ્થાના જનરલ સેક્રેટરી શ્રી પારસભાઈ શાહ ઉમેરે છે કે, “દાતાઓના સહયોગથી જ હાલ બે આધુનિક ઓપરેશન થિયેટર, આધુનિક ફેકો મશીન, ટોનોમીટરની સુવિધા ઉપલબ્ધ છે. દર્દીઓને આંખના પડદાની સારવાર માટે ભવિષ્યમાં **PNR** હોસ્પિટલમાં આંખ વિભાગમાં સુવિધા વધારવાની પણ યોજના છે. વયસ્ક નાગરિકો ઉપરાંત નાના બાળકોની ત્રાંસી આંખ, મોતિયાના ઓપરેશન પણ અહીં મુંબઈથી આવતા નિષ્ણાત તબીબો દ્વારા કરવામાં આવે છે, જે કદાચ સૌરાષ્ટ્રમાં એકમાત્ર અહીં ઉપલબ્ધ છે.” ઉલ્લેખનીય છે કે, સર તખ્તસિંહજી હોસ્પિટલના ઓપ્થેલ્મિક વિભાગના વડા ડૉ. નિલેશભાઈ પારેખનું સતત માર્ગદર્શન અને સહયોગ મળતો રહ્યો છે.



સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ શાહ જણાવે છે કે, “ભાવનગરમાં જ ઓપરેશન અને તે પછી તબીબો દ્વારા ફોલોઅપ તથા ઓપરેશન બાદ નિશ્ચિત સમયે આંખોની તપાસ સુધીની સુવિધા ઉપલબ્ધ હોય, લોકો તેનો લાભ લઈ રહ્યાં છે. હોસ્પિટલનું સંચાલન સંભાળતા મહાસુખભાઈ, અન્ય ટ્રસ્ટીઓ, સ્ટાફ તથા તબીબોની નિષ્ઠાને કારણે આ શક્ય બન્યું છે અને હજુ વધુને વધુ લોકોને આ સુવિધાનો લાભ મળે તે માટેના અમારા પ્રયત્નો છે.”

# સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટ્સ ફેડરેશન, ગુજરાતના પ્રમુખ તરીકે શ્રી પારસભાઈ શાહ




૨જી ઓકટોબરના રોજ સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટ્સ ફેડરેશન, ગુજરાતના હોદ્દેદારોની વરણી કરવા તેમજ અન્ય મુદ્દાઓની ચર્ચા કરવા માટેની એક મિટીંગ ભાવનગરની PNR સોસાયટી, ભાવનગરના કોન્ફરન્સ રૂમમાં રાખવામાં આવેલ હતી.

આ મિટીંગમાં ફેડરેશનના પ્રમુખ તરીકે, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહને સર્વાનુમતે નિયુક્ત કરવામાં આવ્યાં હતાં. તેમજ અન્ય હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. આ બેઠકમાં આગામી વર્ષમાં સેરેબ્રલ પાલ્સી બાળકો માટેની સ્પોર્ટ્સની ઈવેન્ટ કયાં રાખવી ? તેની વ્યવસ્થા શું કરવી ? રાજ્ય સરકારમાં આ બાબતની દરખાસ્ત મોકલવી વિગેરે બાબતોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મિટીંગમાં શ્રી કમલેશભાઈ ખોખરી, શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી દિલિપભાઈ ત્રિવેદી, ડૉક્ટર હેમાબેન પરીખ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# ૭૦ લાભાર્થીઓને ટ્રેકસૂટ અર્પણ



સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટ્સ ફેડરેશન ગુજરાત અંતર્ગત, ૨જી ઓક્ટોબરે ભાવનગરની PNR સોસાયટીના નટરાજ કોલેજ કેમ્પસના ઓડિટોરિયમમાં ગત વર્ષના વિજેતાઓને, રાજ્ય સરકાર તરફથી આપવામાં આવેલ ટ્રેકસૂટ વિતરણ ફેડરેશનના હોદ્દેદારો અને PNR સોસાયટીના ટ્રસ્ટીગણના હસ્તે કરવામાં આવ્યું હતું. કુલ ૭૦ લાભાર્થીઓને ટ્રેકસૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ફેડરેશનના સેક્રેટરી શ્રી કમલેશભાઈ ખોખરીએ આપ્યું હતું. સેરેબ્રલ પાલ્સીના વિદ્યાર્થીઓ માટે રમત-ગમત અંગેની વિસ્તૃત માહિતી ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કરે આપી હતી. ફેડરેશનના પ્રમુખ અને PNR સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે PNR સંસ્થા વિશે માહિતી આપી અને સંસ્થાની ડોકયુમેન્ટરી બતાવેલ હતી. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને બાળકોને પ્રોત્સાહન પૂરું પાડેલ હતું.

# પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ અને હેલ્ધી એજિંગ દ્વારા નવરાત્રિની ઉજવણી



BKPPDMDS અને PNR સોસાયટી દ્વારા ચાલતા પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ અને હેલ્ધી એજિંગ પ્રોગ્રામના સભ્યો દ્વારા ૨૨મી ઓકટોબરે નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. પાર્કિન્સન્સના દર્દીઓએ રાસ ગરબામાં ભાગ લઈ ઉજવણીનો આનંદ માણ્યો હતો, જે સાબિત કરે છે કે જીવનમાં આનંદ માટે ઉંમર અને સ્વાસ્થ્યના પડકારો જેવા કોઈ અવરોધો હોતા નથી.

પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપના સેશન દર રવિવારે સવારે ૧૦:૩૦ થી ૧ અને હેલ્ધી એજિંગ પ્રોગ્રમના સેશન દર ગુરુવારે સાંજે ૫ થી ૬ વિનામૂલ્યે PNR હોસ્પિટલ, અંધશાળા કેમ્પસ, ભાવનગરમાં લેવામાં આવે છે.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

**એન્ટી રેગિંગ ડે :**




તા. ૧૮ ઓગસ્ટ ’૨૩નાં રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત આર.સી.આઈ. ન્યુ દિલ્હી માન્યતા પ્રાપ્ત કોર્ષ ડી.એસ.ઈ. (એમ.ડી.) પ્રથમ, દ્વિતીય વર્ષ અને ડી.એસ.ઈ. (વી.આઈ.) દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા નટરાજ આડિટોરિયમ ખાતે **એન્ટી રેગિંગ ડે**, ઉજવવામાં આવેલ. જેમાં એન્ટી રેગિંગના કાયદા-કાનુનની જાણકારીની નિબંધ સ્પર્ધા રાખવામાં આવેલ. તથા સાયકોલોજીસ્ટ દિવ્યાબેન પટોરિયાએ દિવ્યાંગ બાળકોના વાલીઓને એન્ટી રેગિંગ ડે વિશેની માહિતી આપેલ. આ કાર્યક્રમમાં ૩૫ જેટલી વ્યક્તિઓએ આ વિશેની માહિતી મેળવેલ. ડી.એસ.ઈ. (એમ.ડી.) દ્વિતીય વર્ષની તાલીમાર્થી વૈશાલી જાગિંડ દ્વારા રેગિંગ શું છે? તેના વિશેની સ્પીચ આપેલ. વિડિયો દ્વારા પણ તેની માહિતી બતાવવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી દિવ્યાબેન પટોરિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

**પેરેન્ટસ ટ્રેનિંગ પ્રોગ્રામ :**

તા. ૨૫ સપ્ટેમ્બર ’૨૩નાં રોજ **પેરેન્ટ્સ મિટીંગ**નું આયોજન કરવામાં આવ્યું હતું. મિટીંગનો મુખ્ય હેતુ આગામી કાર્યક્રમો જેવા કે ગણેશ ચતુર્થી, સત્રાંત મુલ્યાંકન, વાહન વ્યવસ્થા વગેરેની માહિતીનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. વાલીશ્રીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા યોજવામાં આવેલ જન્માષ્ટમી મહોત્સવ, શિક્ષકદિનની ઉજવણી, રક્ષાબંધન નિમિત્તે દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ઓનલાઈન/ઓફલાઈનનં માધ્યમથી ભાગ લેનારને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન/સંકલન શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

**ઓર્થોસિસ મેનેજમેન્ટ કેમ્પ :**

તા. ૩૦ સપ્ટેમ્બર ’૨૩નાં રોજ **ઓર્થોસિસ મેનેજમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદથી શ્રી જીજ્ઞેશ ઝાલાને આ કેમ્પ માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં ૧૬ દિવ્યાંગ વિદ્યાર્થીઓને સ્પલીન્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય બે બાળકોની તપાસ સાથે મેનેજમેન્ટ પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો હતો.આ કેમ્પ શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ ડૉ. ચાર્મિબેન રાઠોડ દ્વારા આયોજન કરવામાં આવ્યો હોતો.

**શ્રી ગણેશ વિસર્જન :**



તા. ૧૯ સપ્ટેમ્બર ’૨૩નાં રોજ ગણેશ ચતુર્થીનાં પાવન પર્વની ઉજવણીનાં ભાગ રૂપે પૂજા, અર્ચના, શ્રધ્ધા અને ભક્તિ સાથે વિઘ્નહર્તા અને મંગલમૂર્તિ એવા શ્રી ગણપતિની સ્થાપના કરવામાં આવેલ. તેનું વિસર્જન તા. ૨૩ સપ્ટેમ્બર ’૨૩નાં રોજ ધામધૂમ અને “શ્રી ગણપતિ બાપ્પા મોરયા” ના નાદ સાથે સંસ્થાના માનદમંત્રી કિરીટભાઈ રાઠોડ તથા સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહના હસ્તે ભક્તિભાવ અને ઢોલ નગારાના સાથે લેકવ્યુ ગાર્ડનમાં કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે આ પાંચ દિવસ દરમ્યાન દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા શ્રી ગણેશની પૂજા, અર્ચના, ધૂપદીપ સાથે આરતી અને પ્રસાદનો ભોગ ધરાવવામાં આવેલ. શ્રી ગણપતિ વિસર્જનનાં દિવસે બાપ્પાને છપ્પન ભોગનાં નૈવેધ્ય ધરાવી દિવ્યાંગ વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓ, સ્ટાફમિત્રો, પ્રિવેન્શન વિભાગ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ તમામે ઉત્સાહભેર પ્રસાદી લીધેલ અને ‘ગણપતિ બાપ્પા અગલે બરસ તું જલ્દી આ’, “તપેલીમાં શિરો ગણપતિ બાપા હિરો”ના નાદ સાથે શ્રધ્ધા ભક્તિથી બાપ્પાને વિદાય આપી હતી.

## વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસની ઉજવણી :

તા.૩/૧૦ થી તા.૬/૧૦ દરમ્યાન સેરેબ્રલ પાલ્સી અવેરનેસના ભાગ રૂપે સેરેબ્રલ પાલ્સી વિકની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં....

**તા.૩** ઓકટોબર '૨૩ ના રોજ **વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંર્તગત વાલીશ્રીઓ અને સ્ટાફ માટે ગાયનેક સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમા ડૉ. પૂજાબેન ઘોરી (ગાયનેકોલોજીસ્ટ, વી.સી. લોઢાવાળા હોસ્પિટલ) ''તંદુરસ્ત સગર્ભાવસ્થા અને માતૃત્વ'' વિષય પર પી.પી.ટી.ના માધ્યમથી વાલીઓને પર્યાપ્ત માર્ગદર્શન પૂરું પાડયું હતું. ત્યારબાદ ડો.પૂર્વી પવાર દ્વારા 'ગર્ભાવસ્થામાં યોગનું મહત્વ' અને વિવિધ યોગ વિશે માહિતી આપી હતી. સાથે લીગલ ગાર્ડિયનશીપ સેમિનારનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી બી.પી. ચુડાસમા (સમાજ સુરક્ષા ખાતા, અધિકારીશ્રી) દ્વારા વાલીશ્રીઓને ખૂબજ સરળ ભાષામાં દિવ્યાંગ બાળકોના અધિકારો, નિયમો, એકટ વિશે વિસ્તારથી સમજાવવામાં આવ્યું હતું અને વાલીશ્રીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કર્યુ હતું.

**તા.૪**ના રોજ સી.પી. સ્કૂલ અને અન્ય પ્રોજેકટના વિદ્યાર્થીઓ માટે સી.પી. એથ્લેટિક્સ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દોડ (૨૫મી., ૫૦મી.,૧૦૦મી., ૨૦૦મી.), વોક (૨૫મી., ૫૦મી., ૧૦૦મી.), સોફ્ટબોલ થ્રો, વ્હિલચેર રેસ, ટેબલ ટેનિસ, ચેસ, બોચી વગેરે ગેમ્સમાં દિવ્યાંગ બાળકોએ પોતાનું સામર્થ્ય બતાવ્યું. આ ગેમ્સમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમનું સંચાલન શ્રી કાર્તિકભાઈ વ્યાસ, શ્રી વરૂણભાઈ વ્યાસ, શ્રી લાલજીભાઈ પંડયાએ કરેલ, સાથે સમગ્ર શિક્ષક સ્ટાફની જહેમતથી આ કાર્યક્રમ સફળ થયો હતો.

**તા.૫ના** રોજ સી.પી. સ્કૂલમાં અવેરનેસ અને સંમલીકરણના ભાગ રૂપે **ઓપન ડે**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર શહેરની પ્રતિષ્ઠિત શાળાઓ શ્રી કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, શ્રી અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, શ્રી લિટલ એન્જલ પ્લે હાઉસ, સરદાર પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ, શ્રી દક્ષિણામૂર્તી વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં શાળા મુલાકાત લીધી. કુલ ૫૦૦થી વધુ વ્યક્તિઓએ શાળા મુલાકાત કરેલ. આ કાર્યક્રમ શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવેલ અને સફળ બનાવેલ.

**તા. ૬** ઓકટોબર '૨૩નાં રોજ ''એક રંગ'' શિર્ષક હેઠળ **વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસ**ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સાથે સ્વ.શ્રી કાંતિભાઈ મહેતાની પુણ્યતિથિ નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમની શરૂઆત દિવ્યાંગ વિદ્યાર્થી કૃણાલ આહિરની પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યાર બાદ સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા ઉપસ્થિત આમંત્રિત મહેમાનો, જેમાં મુખ્ય અતિથિ શ્રી સુધીરભાઈ મહેતા, શ્રી સંજયભાઈ મહેતા, શ્રી કેવલભાઈ મહેતા, અતિથિ વિશેષ શ્રી કુસુમબેન ગુપ્તા, શ્રીમતી દિપીકાજી, ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ, સેક્રેટરી શ્રી કિરીટભાઈ રાઠોડ, કે.કે. બ્લાઈન્ડ સ્કૂલના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણી, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પ્રદિપભાઈ ભટ્ટ, શ્રી એચ.પી. રાખશિયા સાહેબનું શાબ્દિક સાથે પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા સી.પી. ડેનું મહત્વ, હેતુ વગેરેની માહિતી આપવામાં આવી હતી. દાતાશ્રી કુસુમબેન ગુપ્તા દ્વારા <u>૪</u> દિવ્યાંગ જરૂરિયાતવાળા બાળકોને <u>વોકર</u> વિતરણ કરવામાં આવેલ. તેમજ સંસ્થા દ્વારા ચાલતાં બચપન કોર્પસ ફંડ અંતર્ગત <u>૧૫</u> લાભાર્થીઓને યુનિફોર્મ વિતરણ કરવામાં આવેલ. જેમાંથી <u>૭</u> બાળકોને ટોકન સ્વરૂપે આપવામાં આવ્યું હતું. આ વર્ષે ખાસ સ્વ. કાંતિભાઈ એલ. મહેતાની પુણ્ય સ્મૃતિમાં સી.પી. બાળકોની સ્પેશ્યલ ઓલિમ્પીક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના વિજેતા વિદ્યાર્થીઓ પ્રથમ, દ્વિતીય અને તૃતિય સ્થાને થયા, તેને મહેમાનશ્રીઓના હસ્તે મેડલ અર્પણ કરવામાં આવેલ અને ખાસ ભાવનગરની જે પ્રતિષ્ઠિત શાળાઓ કે જેણે બહોળી સંખ્યામાં ઓપન ડેમાં સી.પી. સ્કૂલની મુલાકાત લીધી તેને પ્રોત્સાહનના ભાગ રૂપે <u>ટ્રોફી</u> સંસ્થા વતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધી શ્રી વિભૂતીબેન વ્યાસ દ્વારા કરવમાં આવેલ.

## લોનાવાલામાં યોગા ટ્રેનિંગ :




તા.૯ થી તા.૧૧ ઓકટોબર સુધી ત્રણ દિવસીય **"YOGA FOR SPECIAL NEEDS"** વિષય પર કૈવલ્યધામ - લોનાવાલા ખાતે તાલીમ યોજાયેલ. જેમા સંસ્થામાંથી સ્પે.એજયુકેટર શ્રી ખેવનાબેન ઓઝા, શ્રી કાર્તિકભાઈ વ્યાસ,



શ્રી રૂપલબેન પારેખ અને ગૃહપતિ લાલજીભાઈ પંડયાએ ભાગ લીધો હતો. યોગ રીસર્ચ અને યોગ સેન્ટર ચલાવતા કૈવલ્યધામ ને ૧૦૦ વર્ષ (શતાબ્દી મહોત્સવ)ના ભાગ રૂપે આ કાર્યશાળા યોજવામાં આવેલ. જેમા મંદબુધ્ધિ અને ઓટિઝમ, ADHD ધરાવતા વ્યક્તિઓને યોગ દ્વારા તાલીમબધ્ધ કરવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.

ડૉ.મીના રાજનાથન(પોંડિચેરી) અને ડૉ. પ્રસિદા મેનન(કૈવલ્યધામ-લોનાવાલા) દ્વારા ત્રણ દિવસ યોગ થિયરી અને પ્રેકટીકલ તેમજ રીસર્ચ અંગેની તાલીમ આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમના મુખ્યદાતા શ્રી નયનભાઈ દલાલ(દલાલ ફાઉન્ડેશન UK)નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ. કાર્યક્રમના અંતે યોગ અંગેનુ સાહિત્ય અને સર્ટીફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતુ.

**મેગા અસેસમેન્ટ કેમ્પ :**



તા.૧૪ અને તા.૧૫/૧૦ દરમ્યાન **મેગા અસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે સંસ્થાના આદરણીય માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી એચ.પી.રાખશિયા, આમંત્રિત ડોકટર્સ ટીમ મુંબઈથી ડૉ. અપૂર્વ દામલે (સ્પિચ થેરાપીસ્ટ), ડૉ.દિપક ગંજીવાલા(ઓકયુપેશનલ થેરાપિસ્ટ), ડૉ.બ્રિજેશ મિશ્રા (ઓકયુપેશનલ થેરાપિસ્ટ),




ડૉ.મૃત્યુંજય મુકુન્દ (ઓકયુપેશનલ થેરાપિસ્ટ), ડો.કેલ્વિન પટેલ(ઓકયુપેશનલ થેરાપિસ્ટ), શ્રી જયેશભાઈ ધંધુકિયા (સ્પે.એજયુકેટર), શ્રી જીજ્ઞાબેન સોલંકી, ડૉ.અંબર ગુપ્તા(સ્પિચ થેરાપિસ્ટ) ના વરદ હસ્તે કેમ્પનું દીપપ્રાગટયથી ઉદ્ઘાટન કરી, દિવ્યાંગ બાળકોના કલ્યાણ અર્થે અને વાલીશ્રીઓના માર્ગદર્શન માટે ખુલ્લો મુકાયો હતો. આ બે દિવસ દરમ્યાન સી.પી.સ્કૂલ, કે.એન.શાહ ઓટિઝમ સ્કૂલ/પ્રોજેકટ,દિશા કમ વિકાસ પ્રોજેકટ, સી.પી. સેન્ટર, તળાજા રિસોર્સ સેન્ટર,મહુવા રિસોર્સ સેન્ટરના વિદ્યાર્થીઓ સહિત કુલ ૮૦ લાભાર્થીઓએ ભાગ લીધેલ અને સારવાર માટેનું માર્ગદર્શન નિષ્ણાત ડોકટરો પાસેથી મેળવેલ.આ કેમ્પનું સમગ્ર આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ શ્રી વરૂણભાઈ વ્યાસે કરેલ.


**દિવ્યાંગ બાળકોને સ્નેહ ભેટ અર્પણ :**



સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ, ઓટિઝમ સ્કૂલ તથા કે.એન.શાહ હાઈટેક સ્કૂલના દિવ્યાંગ બાળકોને સ્વ. ભાનુમતીબેન હર્ષદભાઈ શાહ અને સ્વ. અમર હર્ષદભાઈ શાહ (ત્રાપજવાળા, હાલ મુંબઈ)ના આત્મશ્રેયાર્થે કેવિનભાઈ શાહ અને પરિવાર દ્વારા શર્ટપીસ-કુર્તાનું કાપડ **સ્નેહ ભેટ** સ્વરૂપે આપવામાં આવ્યું હતું. ૧૯૦ નંગ આ સ્નેહ ભેટ માટે, ટ્રસ્ટીઓ તથા વાલીઓએ આભાર વ્યકત કર્યો હતો.




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**જન્માષ્ટમી પર્વ :**

સ્કૂલમાં તા. ૪-૯ ના રોજ **જન્માષ્ટમી પર્વની ઉજવણી** કરવામાં આવી હતી. શાળાના બાલમંદિર વિભાગમાં સુશોભન કરી બાલગોપાલજીને ઝુલામાં બેસાડવામાં આવ્યાં. તેમજ તેને પ્રસાદી ધરાવી અને શિક્ષકો અને વિદ્યાર્થીઓએ બાલગોપાલજીની આરતી ઉતારી, આનંદ-ઉમંગની સાથે ''નંદ ઘેર આનંદ ભર્યો'' ના નાદથી શાળાનું વાતાવરણ ગુંજી ઉઠયું હતું. બાળકો અને શિક્ષકો રાસ-ગરબામાં જોડાયેલ. ઉપરાંત આ પર્વની ઉજવણી, તેનું મહત્વ વિશે જાણકારી આપવામાં આવી. શાળાનું વાતાવરણ ભક્તિમય બની ગયેલ. ખૂબ જ આનંદ-ઉત્સાહથી કૃષ્ણજન્મોત્સવની ઉજવણી



કરવામાં આવી. બાળકો રંગીન કપડામાં સુસજ્જ થઈને આવ્યાં હતાં. બાલમંદિરના નાનાં ભૂલકાઓએ, ગોપી અને કૃષ્ણ બની, મટુકી ફોડી આ પર્વની ઉજવણી કરી હતી.

**વૃક્ષારોપણ કાર્યક્રમ :**



સ્કૂલમાં તા. ૪-૯ ના રોજ 'ફલેમિંગો ઈકોકલબ' અંતર્ગત **વૃક્ષારોપણ કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં ફલેમિંગો ઈકોકલબ દ્વારા વિવિધ પ્રવૃત્તિ યોજવામાં આવે છે, આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સંસ્થાના તમામ ટ્રસ્ટીશ્રીઓ, શાળાના આચાર્યશ્રી, શિક્ષકો તથા ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓમાં વૃક્ષપ્રેમ વધે અને ગ્લોબલ હવામાનની વિપરીત અસરોને રોકી શકાય, એ માટે ૪૫ જેટલા વૃક્ષો રોપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ અને તેની ઉપયોગિતા વિશેની સમજ આપવામાં આવી હતી. દરેક વિદ્યાર્થી અને શિક્ષકોએ વૃક્ષ ઉછેરનો સંકલ્પ લીધો હતો. શાળાનું મેદાન આવા અનેક વૃક્ષોથી સજ્જ રહે અને વાતાવરણ શુધ્ધ રહે, લોકોમાં તેની જાગૃતિ લાવવા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયેલ હતો.

**શિક્ષક દિન :**

સ્કૂલમાં તા. ૬-૯ ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મદિવસ નિમિત્તે **શિક્ષક દિન** ની ઉજવણી કરવામાં આવી હતી. એ દિવસે શાળાનું સમગ્ર સંચાલન શાળાના ધો. ૬ થી ૧૨ ના બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું. ધો. ૧૦ ના વિદ્યાર્થી સોલંકી પાર્થ, આચાર્ય તરીકેની, બે વિદ્યાર્થીઓએ પટ્ટાવાળા તરીકેની અને બાકીના વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની ફરજ બજાવી હતી. ધોરણ પ્રમાણે દરેક વિદ્યાર્થીઓએ પોતાના તાસ ભણાવેલ અને શિક્ષક તરીકે કેવી રીતે કાર્ય કરવું, તેનો અનુભવ મેળવ્યો હતો. તમામ તાસ પૂર્ણ થયા બાદ જે વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી હતી, તેમણે પોતે થયેલ અનુભવ અને વિચારો રજૂ કર્યા. તેમજ દિવસ દરમિયાન તેમણે જે કાર્ય કર્યું તે બદલ તેઓ આનંદિત અને ઉત્સાહિત થયા હતાં. તેમજ વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને સારા અનુભવ મેળવ્યાં. આ એક દિવસના ખાસ સમય પત્રકનું આયોજન આચાર્યશ્રી દ્વારા કરવામાં આવેલ.

**બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન કાર્યક્રમ :**



તા. ૧૨-૯ ના રોજ GCERT ગાંધીનગર તથા DIET અને પ્રા. શિ.સ. ભાવનગર કલસ્ટર રિસોર્સ સેન્ટર, વિદ્યાનગર આયોજિત ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં શાળામાં અભ્યાસ કરતા ધો. ૮ ના બે વિદ્યાર્થી પરમાર રુદ્ર અને કાબરિયા અયાજે ભાગ લીધો હતો. બંને વિદ્યાર્થીઓએ જીવન-પર્યાવરણને અનુરુપ જીવનશૈલી વિષય પર પ્રોજેક્ટ તૈયાર કરેલ. વિદ્યાર્થીએ પોતાની આવડત, કૌશલ્ય અને પ્રાપ્ત માહિતી દ્વારા પ્રોજેક્ટ પર વ્યાખ્યાન તૈયાર કરી, નિરીક્ષક સમક્ષ કુશળતાપૂર્વક રજૂ કર્યું હતું. વિજ્ઞાન મેળામાં, બાળકોમાં રહેલી જિજ્ઞાસાવૃતિ, આંતરિક શક્તિ ખીલે અને વિજ્ઞાન ક્ષેત્રમાં આગળ વધી સફળતા પ્રાપ્ત કરે, તે હેતુથી વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયેલ. બંને બાળકોએ જીવન-પર્યાવરણની થીમ પર મોડેલ તૈયાર કરેલ, જેમાં શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી રાજુભાઈ ઢાપાએ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

**ગણેશ ઉત્સવ :**

સ્કૂલમાં તા. ૧૮-૯ ના રોજ ગણેશ ચતુર્થી નિમિત્તે ઈકોફ્રેન્ડલી ગણપતિજીની મૂર્તિ લાવી, તેની સ્થાપના કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ અબીલ-ગુલાલ અને ઢોલના નાદ સાથે વાજતે-ગાજતે ગણપતિજીનું સ્વાગત કર્યું. તેમજ રાસ-ગરબા પણ લીધા હતા. શાળામાં પાંચ દિવસ સુધી ગણપતિજીને બિરાજમાન કરવામાં આવ્યાં હતાં. આ પાંચ દિવસ દરમિયાન તેની આરતી કરી અને પ્રસાદની વહેંચણી કરવામાં આવી હતી. પાંચ દિવસ પૂર્ણ થતાં ગણપતિજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું, તે સમયે શાળાનું વાતાવરણ એકદમ આનંદ, ઉત્સાહ અને ભક્તિમય બની ગયું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓને ગણેશોત્સવ ઉજવવાનો હેતુ અને તેની પૌરાણિક કથા વિશે માહિતી આપવામાં આવી હતી.

**દક્ષિણામૂર્તિ બાલમંદિર અને બાલઅધ્યાપન વિભાગની મુલાકાત :**



તા. ૧૮-૯ ના રોજ સ્કૂલના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા સર, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા તથા ૧૦ શિક્ષકોએ દક્ષિણામૂર્તિ બાલમંદિર અને બાલઅધ્યાપન વિભાગની મુલાકાત લીધી હતી. બાલ મંદિરના બાળકોને બાલઅધ્યાપન પધ્ધતિ, તેમજ મોન્ટેસરી પધ્ધતિથી અપાતી શિક્ષણ પધ્ધતિનું નિરીક્ષણ કર્યું, તેમજ ક્રિડાંગણની મુલાકાત લીધી હતી. અધ્યાયપનમંદિરના આચાર્યશ્રી વિપુલભાઈ વ્યાસ સાથે મોન્ટેસરી પધ્ધતિથી શિક્ષણકાર્ય, વર્ગખંડ કૌશલ્યો, શૈક્ષણિક રમતો, તેમજ તેમના માર્ગદર્શન હેઠળ ચાલતા બાલશિક્ષણ સંવર્ધન પ્રોજેકટની જુદી-જુદી પ્રવૃત્તિનું નિરીક્ષણ કરી, જરૂરી અને ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી હતી.

**SVS કક્ષાનું બાળવૈજ્ઞાનિક પ્રદર્શન :**

સ્કૂલમાં ધો. ૯ અને ૧૦ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૩-૯ ના રોજ મોડેલ સ્કૂલ સિદસર દ્વારા **SVS** કક્ષાના બાળ વૈજ્ઞાનિક ૨૦૨૩-૨૦૨૪ પ્રદર્શન આયોજનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાં કુલ ૧૫ માધ્યમિક શાળાની ૪૫ કૃતિઓમાંથી ૨ કૃતિઓ પર્યાવરણ અને જીવનશૈલી ઉપર ધો. ૯ માં અભ્યાસ કરતી વૈષ્ણવ હિર, વાઘેલા ક્રિનલ દ્વારા પાણીનું શુધ્ધિકરણ અને ધો. ૧૦ માં અભ્યાસ કરતા માંઘલ જયવિન, રાણા કર્મરાજ દ્વારા સૌર ઉર્જા, પુનઃપ્રાપ્ય ઉર્જાસ્ત્રોતના ઉપયોગથી ચંદ્રયાન ૩ નું લુનર પ્રજ્ઞાન રોવરનું 5G મોડેલ બનાવવામાં આવ્યું હતું.

**ઈન્કલુઝિવ શિક્ષણ અને NCF-૨૦૨૩ અંતર્ગત મિટીંગ :**

સ્કૂલમાં તા. ૨૯-૯ ના રોજ ઈન્કલુઝિવ શિક્ષણ અને NCF-2023 અંતર્ગત શિક્ષકો સાથે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ મિટીંગમાં સ્કૂલના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ, પ્રિન્સિપાલ શ્રી હિતેનકુમાર પંડયા તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ મિટીંગનો મુખ્ય હેતુ શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોના સારા શિક્ષણ, તેમજ આપણી શાળાને શ્રેષ્ઠ ઈન્કલુઝિવ શાળા કઈ રીતે બનાવી શકાય ? તે માટેનો હતો. શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબે Self Learning પર ભાર મૂકતા જણાવ્યું કે, ‘‘જો નવી પેઢીને શિક્ષણ આપવું હોય તો શિક્ષકે હંમેશા શીખતા રહેવું પડે. તેમજ શિક્ષણ સારું આપવા માટે લીડર અને એક-બીજા શિક્ષકો સાથે બેસીને મુકત મને ચર્ચા વિચારણા કરવી પડે, જેથી અસરકારક ઈન્કલુઝન શિક્ષણ કાર્ય થઈ શકે.’’ આ ઉપરાંત દિવ્યાંગ બાળકોની દિવ્યાંગતાનો દરેક શિક્ષકે અભ્યાસ કરવો, તેમજ વાલી સાથે સંવાદ કરવો, ડિસેબિલિટી સર્ટિફીકેટ વાંચવું, તેને સમજવું વગેરે બાબતો જણાવી હતી. દિવ્યાંગ વિદ્યાર્થીઓના અગ્રેસિવ વર્તનને મોડિફાઈડ કરવા માટે શું કરવું જોઈએ ? તેની સમજ આપી હતી. વર્તમાન સમયમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ શોધવી અને એ પ્રવૃત્તિઓમાંથી કયું જ્ઞાન મળે છે ? તેમજ આનાથી બાળકને આનંદની અનુભૂતિ થાય છે કે કેમ ? વગેરે બાબતોનો ખ્યાલ આપ્યો હતો.

**‘સ્વચ્છતા હી સેવા’ અંતર્ગત મહાશ્રમદાન :**



સ્કૂલમાં ‘સ્વચ્છતા હી સેવા’ કાર્યક્રમ અંતર્ગત માનનીય વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી, ભારત સરકાર દ્વારા વિડીયો કોન્ફરન્સમાં મળેલ સૂચના અને માર્ગદર્શન મુજબ, મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે એક દિવસ અગાઉ, ‘‘એક તારીખ એક કલાક’’ ના સૂત્ર સાથે મહાશ્રમદાનનું આયોજન તા. ૧-૧૦ ના રોજ સવારે ૧૦ થી ૧૧ કલાક દરમિયાન કરવામાં આવ્યું હતું. શ્રમદાન દ્વારા આપણી શાળાને સંપૂર્ણ બારીકાઈ સાથેની સફાઈ માટે ‘સ્વચ્છતા કાર્યાંજલી’ ને અમલી બનાવવા વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા શાળાના પટાંગણની, તેમજ વિરાણી સર્કલમાં સફાઈ કરવામાં આવી હતી.

**ભાષા ઉત્સવ અંતર્ગત ‘પર્યાવરણ અને પ્રકૃતિ’ શિક્ષણ :**

સ્કૂલમાં ભારતીય ભાષા ઉત્સવ (ભાષા અનેક ભાવ એક) ની ઉજવણી અંતર્ગત ‘પર્યાવરણ અને પ્રકૃતિ’ વિષય પર, જેમાં રોજિંદા વપરાતા કિચન પ્લાન્ટ જેવા કે તુલસી, અરડુસી, એલોવેરા, જેવા છોડનો પરિચય આપવામાં આવ્યો હતો. તે ઉપરાંત આંબો, જાંબુડો, કેળ, જમરૂખડી જેવા વૃક્ષોની પણ સમજ આપવામાં આવી

હતી. રોજિંદા જીવનમાં વપરાતી શાકભાજીના છોડ કેવા હોય ? એ કઈ રીતે ઓળખી શકાય ? તેની ચર્ચા કરી હતી. તેમજ કઈ લાક્ષણિકતાઓ દ્વારા તે વૃક્ષને ઓળખી શકાય તેની માહિતી પણ આપવામાં આવી હતી. વૃક્ષોના જતન અને સંરક્ષણ તેમજ 'વૃક્ષો કાપો નહીં પણ વાવો'. 'પાણીનો બગાડ ન કરો.' તે અંગે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

**ભારતીય ભાષા ઉત્સવ અંતર્ગત (રાંધણ કલા) સ્વયંપાક :**

સ્કૂલમાં તા. ૧૪-૧૦ ના રોજ ભારતીય ભાષા ઉત્સવ અંતર્ગત 'રાંધણ કલા' (ભોજન) નું આયોજન કરવામાં આવેલ. જેમાં બાલમંદિરથી ધો. ૧૨ ના દરેક વિદ્યાર્થીએ ભાગ લીધેલ. જેમાં બટેટા-ભૂંગળા, જામ સેન્ડવીચ, પાપડ ચાટ, પાણીપૂરી, મોનેકો-પીઝા, છોલે પૂરી, દાબેલી, ભેળ, કેક જેવી વાનગીઓ બનાવવામાં આવી હતી. સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા તથા શ્રી કેતનભાઈ રૂપેરા, શ્રી જીજ્ઞેશભાઈ પારેખ તથા શ્રી દક્ષાબેન પંડયા દ્વારા દરેક વાનગી ટેસ્ટ કરવામાં આવેલ અને તેમાં જે વિદ્યાર્થી અને શિક્ષકે શ્રેષ્ઠ વાનગી બનાવેલ, તે બદલ નંબરો આપવામાં આવેલ. જેમાં પ્રથમ નંબરે ધો. ૬ બિસ્કીટ પીઝા તેના શિક્ષક રાજુભાઈ બીજા નંબરે, ધો. ૯ ટોસ્ટ સેન્ડવીચ તેના શિક્ષક રૂપાલબેન, ત્રીજા નંબરે ધો. ૨-A પાપડ ચાટ તેના શિક્ષક બંસરીબેનને આપવામાં આવેલ. દરેક શિક્ષકો અને બાળકોએ જેહમત ઉઠાવવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન.


ઉપરોકત તમામ કાર્યક્રમો શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના આયોજન અને માર્ગદર્શન નીચે, શાળાના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યાં હતાં.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



**ગણેશ ઉત્સવની ઉજવણી :**

તા.૧૯ થી ૨૩/૯ દરમ્યાન સી.પી. સ્કૂલ સંલગ્ન પ્રોજેકટ દ્વારા ગણપતીજીની પધરામણી કરવામાં આવી હતી. જેમાં તા. ૨૧ના રોજ પ્રોજેકટના સ્ટાફ તથા વાલીઓ દ્વારા પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસો દરમ્યાન પ્રોજેકટના વિદ્યાર્થીઓ દ્વારા આરતી ઉતારવામાં આવતી અને ગણેશજીની સ્તુતી ગાવામાં આવતી હતી.

**સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી :**

તા.૧૫ થી ૩૦ સપ્ટેમ્બર`૨૩ દરમ્યાન આર.સી.આઈ.ની ગાઈડ લાઈન મુજબ દિશા કમ વિકાસ પ્રોજેકટના સ્ટાફ અને શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષકોની સહાયતા સાથે ક્લાસરૂમના બેન્ચ અને દરવાજાની સફાઈ કરવી, પગરખાનો ઘોડો ગોઠવવો, લાદી પર પોતા મારવા જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવી હતી.

**ઓર્થોસિસ કેમ્પ :**

તા. ૩૦ સપ્ટેમ્બર`૨૩ ના રોજ સી.પી. સ્કૂલ સંલગ્ન પ્રોજેકટના બાળકો માટે ઓર્થોસિસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં દિશા કમ વિકાસના ૪(ચાર) વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

**વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસની ઉજવણી :**

તા.૩/૧૦ થી તા.૬/૧૦ દરમ્યાન સેરેબ્રલ પાલ્સી અવેરનેસનાં ભાગ રૂપે સેરેબ્રલ પાલ્સી વીકની ઉજવણી કરવામાં આવી હતી.



જેમાં યોજાયેલ દરેક કાર્યક્રમમાં દિશા કમ વિકાસ પ્રજેકટના શિક્ષકગણ, વાલીગણ અને વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહ ભેર ભાગ લેવામાં આવ્યો હતો અને પોતાની કાલિગરી નિષ્ઠાપૂર્વક નિભાવવામાં આવી હતી. સ્પોર્ટસ એકટિવિટીમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી ૬ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને દોડ(૨૫મી., ૫૦મી.,૧૦૦મી., ૨૦૦મી.)ની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતય, તૃતિય નંબર પ્રાપ્ત કરતા મેડલ્સ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં.





# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**જૂલાઈ-ઓગસ્ટ - ૨૩ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૫૬ | ૧૮ |
| આંખ | ૮૫૮ | ૨૫૯ |
| આંખની છારી | ૩૯ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૪૧૯ | ૧૯૬ |
| ઓર્થોસ્કોપી | ૪૨ | - |
| ઓર્થોડેન્ટલ | ૨૭૨ | ૧૬૩ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૫૩૬ | - |
| એક્ષ-રે | ૯૧ | - |
| લેબોરેટરી | ૩૭૮ | ૧૩૧૮ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૨૪ | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૯ | ૦૭ |
| આંખના પડદા | ૨૨ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૪૫ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૪૨ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | - | - |
| હેર ઈમ્પ્લાન્ટ | - | - |
| રૂબેલા વેક્સિન | ૦૨ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૮૧** લાભાર્થીઓએ **રૂા. ૭૬૮૫/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૮** લાભાર્થીઓએ **રૂા. ૨૬૩૦/-** ની સહાય મેળવેલ છે.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



✍ જીજ્ઞેશ પારેખ

**૧. ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :**


વર્ષ ૨૦૨૩-૨૪ માં યુપ્પા ફ્રેશ પ્રાઈવેટ લિમિટેડ-મુંબઈના આર્થિક સહયોગથી આ પ્રોજેક્ટ શરૂ કર્યો છે આ પ્રોજેક્ટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોના આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો તેમજ કાનમાં ઈયર ડિસ્ચાર્જ બાળકોને, ડૉક્ટર દ્વારા નિદાન અને તેની સારવાર, સર્જરી વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

સપ્ટેમ્બર '૨૩ દરમિયાન તળાજા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૬૭૩૭ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા ૩૩૭ બાળકો અને કાનની વિવિધ તકલીફવાળા ૨૧૨ બાળકો જોવા મળ્યાં હતાં.

## ઈ-મેઈલ - વોટસઅપથી 'કોશિશ' મેળવો.

માનવંતા વાચકોને જણાવવાનું કે સંસ્થાનું 'કોશિશ થી કામયાબી' મેગેઝિન આપને હવેથી ઈ-મેઈલ તથા વોટસઅપ દ્વારા મોકલવાનું આયોજન કર્યું છે, તો આપનું **E-Mail ID** તથા વોટસઅપ નંબર અને આપનું નામ, નીચેના **E-Mail ID** ઉપર મોકલવા વિનંતી.


**E-Mail : info@pnrsociety.org**



# અંબા સી.પી. હોસ્ટેલ

## જૂલાઈ-ઓગસ્ટ - ૨૦૨૩

✍ લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

**સમાચાર :**

તા. ૨૧ સપ્ટે. ના રોજ હોસ્ટેલના બાળકોએ **વાઘાવાડી ચા રાજા** ગણપતિ દાદાની આરતી તથા દર્શનનો લાભ લીધો.

તા. ૨૭ સપ્ટે. ના રોજ હોસ્ટેલના ૨૩ બાળકોએ દંત ચિકિત્સા કેમ્પમાં ભાગ લીધો.

સી. પી. સ્કૂલ ગણપતિ મહોત્સવમાં હોસ્ટેલના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

તા. ૧ ઓકટો. સ્વચ્છતા અભિયાન અંતર્ગત હોસ્ટેલના બાળકોએ હોસ્ટેલની સાફ-સફાઈ કરી હતી.

તા. ૪ ઓકટો. ના રોજ હોસ્ટેલના બાળકોને શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી.

### ભોજન / મિષ્ટાન

- તા. ૨૯ સપ્ટે. ના રોજ શ્રી વિરેન્દ્રભાઈ દેસાઈ તરફથી...
- તા. ૪ ઓકટો. ના રોજ શ્રી કિરીટભાઈ ઝવેરી તરફથી...
- તા. ૬ ઓકટો. ના રોજ શ્રી કુસુમબેન ગુપ્તા તરફથી...
- તા. ૭ ઓકટો. ના રોજ શ્રી દિનેશભાઈ તરફથી...
- તા. ૮ ઓકટો. ના રોજ શ્રી યોગરાજસિંહ જાડેજા તરફથી...
- તા. ૧૧ ઓકટો. ના રોજ શ્રી કરમશીભાઈ પટેલ તરફથી...
- તા. ૧૧ ઓકટો. ના રોજ શ્રી પંકજભાઈ પંડયા તરફથી...
- તા. ૧૨ ઓકટો. ના રોજ શ્રી નંદરામભાઈ પંડયા તરફથી...
- તા. ૧૪ ઓકટો. ના રોજ શ્રી ધીરૂભાઈ કટુડિયા તરફથી...
- તા. ૧૫ ઓકટો. ના રોજ શ્રી ઋષિતાબેન દેસાઈ તરફથી...

### નાસ્તો

- તા. ૧૭ સપ્ટે. ના રોજ શ્રી કોકિલાબેન પટેલ તરફથી...
- તા. ૨૧ સપ્ટે. ના રોજ શ્રી ભાવિકભાઈ દેસાઈ તરફથી...
- તા. ૩૦ સપ્ટે. ના રોજ શ્રી હરેશભાઈ મકવાણા તરફથી...
- તા. ૧૧ ઓકટો. ના રોજ શ્રી જશપાલસિંહ ગોહિલ તરફથી...
- તા. ૪ ઓકટો. ના રોજ શ્રી ગોપાલભાઈ કોયાણી તરફથી...
- તા. ૧૦ ઓકટો. ના રોજ શ્રી ઘનશ્યામભાઈ રાવળ તરફથી...
- તા. ૧૨ ઓકટો. ના રોજ શ્રી પ્રફુલભાઈ રાવળ તરફથી...
- તા. ૧૩ થી ૧૭ ઓકટો. ના રોજ શ્રી જયોતિ ઈમ્પેક્ષ તરફથી...

## સ્લો-લર્નર પ્રોજેકટ



સ્લો-લર્નર પ્રોજેકટ અન્વયે ત્રીજા સ્ટેજના સાવરકુંડલા તાલુકામાં તા. ૨૧-૯ ના રોજ નાના જિંજુડા, પીઠવડી, લીખાળા, છાપરી, મઢડા તેમજ તા. ૨૨-૯ ના રોજ બ્રાન્ચ શાળા ૮ અને ૧૦ અને આદસંગ ગામની પ્રાથમિક શાળાઓમાં સ્લો-લર્નર, લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોનો અસેસમેન્ટ કેમ્પ કરવામાં આવ્યો. જેમાં એક્સપર્ટ ફેકલ્ટી શ્રી બીજલબેન હરખાની અને દિવ્યાબેન પટોરિયાએ કુલ ૧૮૦૦ બાળકોમાંથી ૪૭૫ બાળકોનું અસેસમેન્ટ કરતા; માઈલ્ડ, મોડરેટ અને સિવિયર બાળકો મળ્યાં હતાં.

સ્લો-લર્નર પ્રોજેકટ અન્વયે ત્રીજા સ્ટેજના જાફરાબાદ તાલુકામાં તા. ૨૫ થી ૨૭-૯ ના રોજ તાલુકા શાળા, કન્યા પ્રાથમિક શાળા, બ્રાન્ચ શાળા, સાગર શાળા, નૂતન પ્રાથમિક શાળા વાઢેરા પ્રા. શાળાઓના સ્લો-લર્નર, લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોના અસેસમેન્ટ કેમ્પ કરવામાં આવ્યાં. જેમાં એક્સપર્ટ ફેકલ્ટી મુંબઈથી આવ્યાં હતાં. શ્રી પૂનમબેન વાસા, શ્રી શ્રધ્ધા શાહ અને શ્રી દિવ્યાબેન પટોરિયાએ કુલ ૨૦૭૪ બાળકોમાંથી ૯૩૫ બાળકોનું અસેસમેન્ટ કરી માઈલ્ડ, મોડરેટ, સિવિયર બાળકો જોવા મળ્યાં હતાં.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



✍ ગજાનંદ ભટ્ટ

**બધિર સપ્તાહની ઉજવણી :**



પ્રાથમિક વિભાગમાં **બધિર સપ્તાહની ઉજવણી** શાળાના પ્રાર્થના રૂમમાં કરવામાં આવી હતી. જેમાં બાળકોના આનંદ માટે વિવિધ રમત-ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું.

યુનાઈટેડ નેશન્સ દ્વારા સપ્ટેમ્બર મહિનાના છેલ્લાં અઠવાડિયાને **બધિર સપ્તાહ** તરીકે ઉજવવાનું નક્કી થયેલ છે. સમગ્ર વિશ્વના મૂક બધિર બાળકો આ દિવસોમાં વિવિધ કાર્યક્રમો, રમત-ગમત વગેરેનું આયોજન કરીને **બધિરોત્સવ** ઉજવે છે. સમધારણ લોકો પોતાની વાણીથી એક-બીજા સાથે સરળતાથી પોતાની લાગણી-માગણી વગેરેનું આદાન-પ્રદાન કરતા હોય છે. જ્યારે આ બધિર બાળકો પોતાની સાંકેતિક ભાષા કે ઈશારાનો ઉપયોગ કરીને પોતાની વાત રજૂ કરતા હોય છે.

આ બધિરોત્સવમાં ધો. ૧ થી ૮ ના બાળકોએ જુદી-જુદી રમત રમીને ઉજવ્યો હતો. જેમાં કેપ્ટન-કેપ્ટન દાવ બદલાવ, મદદ કરો, ફુગ્ગા ફુલાવવા, દોરડા ખેંચ, લંગડી દાવ, બોલ ઈન ધ બાસ્કેટ, વગેરે રમત ખૂબ સરસ રીતે રમ્યાં હતાં અને ખૂબ મોજ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી અને પ્રોજેક્ટ મંત્રીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

**શ્રાધ્ધની સમજ :**



પ્રાથમિક વિભાગમાં સંસ્થાના પ્રાર્થના રૂમમાં, પ્રાર્થના પ્રવૃતિના ભાગરૂપે ધો. ૮ ના બાળકો અને શિક્ષકોના સહકારથી **શ્રાધ્ધ વિશે નાટક** દ્વારા સમજ આપવામાં આવી.

ભાદરવા મહિનાના છેલ્લાં સોળ દિવસ શ્રાધ્ધના હોય છે. જેમાં પિતૃઓના આત્માની શાંતિ માટે તેની તિથિ મુજબ ઘરે ખીર પૂરી વગેરે બનાવીને કાગવાસ નાખવામાં આવે છે. ઘણા લોકો નદી કિનારે આ દિવસે પૂજા અને તર્પણવિધિ કરાવીને દાન કરે છે. શાળાના શિક્ષક શ્રી મૂકતાબેને શ્રાધ્ધવિધિના નાટક માટે ભારે જહેમત ઉઠાવી હતી. તેમજ શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ બોર્ડ પર સમગ્ર નાટક વિશે (શ્રાધ્ધ વિશે) લખીને બાળકોને ભાષા આપી હતી.

**દિવાળી નિમિત્તે શર્ટ પીસ વિતરણ કાર્યક્રમ :**

પ્રાથમિક વિભાગમાં શ્રી ભાનુમતીબેન હર્ષદરાય શાહ તથા અમરભાઈ હર્ષદરાય શાહ (ત્રાપજવાળા) હાલ-મુંબઈ તરફથી સંસ્થાના દરેક શ્રવણમંદ બાળકોને એક-એક શર્ટ પીસ આ દાતા પરિવારના ભાવનગરના પ્રતિનિધિ પરિવાર શ્રી કવિનભાઈ, શ્રી ઈન્દુભાઈના હસ્તે આપવામાં આવ્યું હતું.

દાતાશ્રીના પરિવારમાં કાપડનો બિઝનેસ સંભાળતા યુવાનનું અકાળ અવસાન થતા, તેઓ જે બિઝનેસ સંભાળતા હતા તે કાપડના શો રૂમનું કાપડ વેચાણ કરવાના બદલે, સમગ્ર ભારતમાં જરૂરતમંદ વ્યક્તિને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સંસ્થાના માનદ મંત્રીશ્રી, બંને વિભાગના આચાર્યશ્રીએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી પ્રિતીબેને કર્યું હતું. જ્યારે આભારવિધિ શ્રી સૂર્યકાન્તભાઈ ચાવડાએ કરી હતી.

**સ્વસ્થ દાંત સ્વસ્થ મુસ્કાન કેમ્પ :**



પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં **દંત ચિકિત્સા કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગરના દાંતના રોગોના જાણીતા ડૉ. કૃતિબેન શાહ, ડૉ. માર્ગીબેન દોશી અને ડૉ. મિથિલા ઝાએ સેવા આપી હતી. તેઓએ દાંતની સ્વચ્છતા, તેમજ બ્રશ કરવાની સાચી રીત વિશે સમજાવ્યું હતું. સંસ્થાના પ્રાર્થના રૂમમાં

દાંત સ્વાસ્થ્યની વિડીયો ક્લિપ બતાવીને સરસ માહિતી આપી હતી. તેમજ દાંતના સ્વાસ્થ્યને લગતા જુદા-જુદા પ્રશ્નોના જવાબ પણ આપ્યાં હતાં. નર્સરીથી ધો. ૧૨ સુધીના બાળકોએ આ સેવાનો લાભ લીધો હતો.

આ કેમ્પ સ્વ. ડૉ. પંકજભાઈ શાહના સ્મરણાર્થે યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, સિવિલ હોસ્પિટલ ભાવનગરના દાંત વિભાગના વડા ડૉ. જીજ્ઞાબેન શાહ તેમજ શાહ પરિવાર તથા પ્રાથમિક અને માધ્યમિક વિભાગના આચાર્યશ્રી ઉપસ્થિત રહ્યાં હતાં. આ કેમ્પમાં ડૉ. શાહ પરિવાર તરફથી દરેક બાળકોને ડેન્ટલ કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમની આભારવિધિ શ્રી શૈલેષભાઈ દવેએ કરી હતી. કાર્યક્રમનું સંકલન શ્રી જ્યોતિબેન બારૈયાએ કર્યું હતું.

**નવા આચાર્યશ્રીનું અભિવાદન :**

પ્રાથમિક વિભાગના આચાર્ય તરીકે ડૉ. ધવલભાઈ વ્યાસની નિયુક્તિ ૩ ઓકટોબરના રોજ કરવામાં આવી. આ પ્રસંગે નવા નિયુક્ત પામેલા આચાર્યના ઉજવણી સમારંભમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ તેમનો પરિચય સમગ્ર સ્ટાફને કરાવેલ. તથા ખજાનચી શ્રી જીતુભાઈ શાહ અને સમગ્ર સંસ્થા પરિવાર તરફથી પૂષ્પગુચ્છ અર્પણ કરીને આચાર્યશ્રીને વધાવવામાં આવેલ. ડૉ. ધવલભાઈ વ્યાસ ૯ વર્ષ ચાર મહિનાથી પાલનપુર કોલેજમાં પ્રોફેસર તરીકે બી.એડ. (એસ.આઈ.) વિભાગમાં સારી સેવા આપતા હતાં. કુલ ૧૭ વર્ષથી શ્રવણમંદ ફિલ્ડમાં સેવા આપી રહ્યાં છે. શ્રવણમંદોના સંમલિત શિક્ષણ પર તેઓએ પી.એચ.ડી. પૂર્ણ કરેલ. આગામી વર્ષોમાં તેઓ આચાર્ય પદે ઉત્તમો-તમ સેવા પૂરી પાડી ખૂબ સફળતા મેળવે તેવી શુભકામનાઓ. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ કરેલ.



## શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



જ્યોતિ ભટ્ટી

**બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન - ૨૦૨૩-૨૪ :**



GCERT ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભાવનગર આયોજિત S.V.S.-2 'ધ્યાન' કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૩-૨૪ તા. ૨૩-૯ ના રોજ યોજાયેલ. જેમાં શાળાના ધો. ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ અન્ય ૫૫ સ્કૂલો સાથે ભાગ લીધેલ.

તેઓએ નવી કલ્પના, તેમજ સંશોધન કરી શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ અંતર્ગત Use of Holograme in Education જેમાં હોલોગ્રામની મદદથી 3D માં વિડીયો જોઈ શકાય એ પ્રયોગ રજૂ કરેલ.

જેમાં માધ્યમિક શાળાના શિક્ષક શ્રી કલ્પેશભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ બે વિદ્યાર્થીઓ ૧. કલસરીયા મન અને ૨. બાવળિયા જતીને શ્રેષ્ઠ પ્રયોગ રજૂ કરી સૌને નિદર્શન કરેલ. સહાયક તરીકે શાળાના અન્ય બે વિદ્યાર્થીઓ હિમાંશુ અને સાકિરઅલી જોડાયેલ.

દરેક શાળાને મોમેન્ટો તથા માર્ગદર્શક શિક્ષક તેમજ વિદ્યાર્થીઓને સર્ટિફીકેટ તથા પેન ભેટ આપવામાં આવી હતી. શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકને અભિનંદન આપેલ.

**'બધિર સપ્તાહ' અંતર્ગત રમત-ગમત કાર્યક્રમ 'બધિરોત્સવ-૨૦૨૩' :**

અવાજ વગરની દુનિયા, જ્યાં માનો મીઠો, પ્રેમાળ અવાજ ન હોય, પંખીનો કલરવ, ગીત-સંગીતનો કોઈપણ પ્રકારનો અવાજ જ ન હોય, આ પરિસ્થિતિ છે શ્રવણમંદ લોકોની. જેઓ સાંભળી નથી શકતા, તેથી બોલી નથી શકતા. આવા લોકો પણ સારી રીતે કમ્યુનિકેશન કરી શકે છે અને આ કમ્યુનિકેશનનું માધ્યમ છે સાઈન લેંગ્વેજ એટલે કે સાંકેતિક ભાષા અથવા ઈશારાની ભાષા. જેઓ પોતાની લાગણી, માગણી, ઈચ્છાઓ સાઈન લેંગ્વેજ દ્વારા રજૂ કરે છે.

યુનાઈટેડ નેશન્સ દ્વારા સપ્ટેમ્બર મહિનાના છેલ્લાં અઠવાડિયાને **બધિર સપ્તાહ** તરીકે ઉજવવાનું નક્કી થયેલ છે. તા. ૨૩મી સપ્ટેમ્બરે સમગ્ર વિશ્વમાં **આંતરરાષ્ટ્રિય સાઈન લેંગ્વેજ દિવસ** તરીકે ઉજવવામાં આવે છે. શાળામાં આ દિવસે ખાસ શ્રવણમંદ વિદ્યાર્થીઓના આનંદ અને ખુશી માટે રમત-ગમતનું આયોજન

કરવામાં આવ્યું હતું.

જેમાં ધો. ૯ થી ૧૨ દરેકના ત્રણ વર્ગો, એમ દરેક વર્ગના વિદ્યાર્થીઓ ૧ મિનીટની રમત શાળાના ઓડિટોરિયમ ખાતે રમ્યાં હતાં. જેમાં બોલ એકઠાં કરો, ફુગ્ગાનું તોરણ બનાવવું, ફુગ્ગા ફોડ, બોલનો કેચ કરવો, રૂમાલ પકડવો વગેરે રમત વિદ્યાર્થીઓ ખૂબ જ સરસ રીતે રમ્યાં હતાં અને મજા માણી હતી.

આચાર્યશ્રી શૈલેષભાઈ દવેના માર્ગદર્શન તેમજ પ્રોજેક્ટ મંત્રી શ્રી વિરેન્દ્રભાઈ તેમજ શ્રી વિશ્વાબેન તથા સર્વે શિક્ષકોના સહકારથી સફળતાપૂર્વક કાર્યક્રમ સંપન્ન થયેલ.

**'સ્વચ્છતા હી સેવા'-૨૦૨૩ :**

શાળાના પ્રાથમિક તેમજ માધ્યમિક બંને વિભાગમાં સરકારશ્રીની સૂચના અનુસાર રાષ્ટ્રપિતા શ્રી મહાત્મા ગાંધીને તેમની જન્મ જયંતિની પૂર્વ સંધ્યાએ અંજલી આપવા તા. ૧-૧૦ ના રોજ સવારે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી એક કલાક સ્વચ્છતા ઝુંબેશનો કાર્યક્રમ શાળામાં યોજવામાં આવ્યો હતો.

શાળાના મંત્રીશ્રી, આચાર્યશ્રીઓ તેમજ તમામ વિદ્યાર્થીઓ, સૌએ સાથે મળીને શાળાના વર્ગ ખંડો, પ્રાંગણ, અગાશી, પાર્કિંગ, રમતનું મેદાન વગેરે જગ્યાએ સફાઈ કરી, ઉત્સાહપૂર્વક શ્રમદાન



કર્યું હતું.

મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ સ્વચ્છતા, 'રાષ્ટ્રિય સ્વભાવ' બનવો જોઈએ તેમ જણાવેલ. પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા તેમજ માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સર્વ વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે માહિતી, તેમજ માર્ગદર્શન આપેલ. તેમજ કાયમ સ્વચ્છતા જાળવવી તે અંગે તેઓએ વિદ્યાર્થીઓને સમજાવ્યાં હતાં.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



વિપુલ જેઠવા

સપ્ટેમ્બર માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૩૨ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૧૮૦ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધો હાથ-૨, અડધા પગ-૫, ઓર્થોશૂઝ-૧,ની-બ્રેસ-૮૩, હેન્ડ સ્પિલન્ટ-૨, નાઈટ સ્પીલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૧, અન્ય-૪૬, કેલિપર-૯, એ.એફ.ઓ.-૧૩, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૬ એમ કુલ ૧૮૦ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.



સપ્ટેમ્બર માસમાં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ પગનો કેમ્પ ભીવંડી (મહારાષ્ટ્ર) માં યોજાયેલ. જેમાં ૪૨ લાભાર્થીઓને ૨૪ આખા પગ તથા ૨૦ અડધા પગ પૂરાં પાડવમાં આવ્યાં હતાં. જે કેમ્પ ડૉ. વિપુલ જેઠવા દ્વારા કરવામાં આવ્યો હતો.

**મૂકબધિર વકીલો-અરજદારો માટે રાહત**

## સુપ્રિમમાં પહેલીવાર મૂકબધિરો માટે દુભાષિયાની નિમણૂંક થઈ


ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડે સુપ્રિમ કોર્ટની સુનાવણી માટે મૂકબધિર વકીલો અને અરજદારોની મદદ માટે સાંકેતિક દુભાષિયાની નિમણૂંકની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, બંધારણિય બેન્ચની સુનાવણી દરમિયાન અમને તેની જરૂરિયાત અનુભવાય. અગાઉ ૨૨ સપ્ટે. ના રોજ CJI ની બેન્ચે દિવ્યાંગોના અધિકારોના મામલે સુનાવણી દરમિયાન મૂકબધિર વકીલ સારા સનીને સાંકેતિક દુભાષિયા સૌરવરાય ચૌધરીની મદદથી દલીલ રજૂ કરવા માટે અનુમતિ આપી હતી. સુપ્રિમ કોર્ટે ગત વર્ષે દિવ્યાંગોની મદદ માટે એક સમીતિની પણ રચના કરી હતી. દેશની અદાલતોમાં મહિલા જજોની સંખ્યા વધી રહી છે. ખુદ ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડે આ માહિતી શેર કરી છે.

**સૌ. : દિવ્ય ભાસ્કર**



# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હિયરિંગ ઈમ્પાયર્ડ)

✍ ડો. સંતોષ યાદવ



**ગણપતિ ઉત્સવ :**

કોલેજના તાલીમાર્થીઓ અને શિક્ષકો દ્વારા તા. ૨૦-૯ થી ૨૨-૯ દરમ્યાન ત્રણ દિવસ માટીના ગણેશજીની સ્થાપના કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓ દ્વારા સવાર-સાંજ ગણેશજીની પૂજા-આરતી કરવામાં આવેલ અને પ્રસાદ ધરાવવામાં આવેલ. ત્રીજા દિવસે તા. ૨૨-૯ ના રોજ સંસ્થાના મેદાનમાં ગણેશજીનું વાજતે-ગાજતે વિસર્જન કરવામાં આવેલ અને રાસ-ગરબા રમવામાં આવેલ. સમગ્ર આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષ યાદવ દ્વારા કરવામાં આવેલ.

**આંતરરાષ્ટ્રીય સાઈન લેંગ્વેજ દિવસ :**

દર વર્ષે સપ્ટેમ્બર માસના છેલ્લા અઠવાડિયાને આંતરરાષ્ટ્રીય સાઈન લેંગ્વેજ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેમાં દરેક દિવસની અલગ-અલગ થીમ હોય છે. તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં હાઈસ્કૂલના ડેફ વિદ્યાર્થીઓ દ્વારા, કોલેજના તાલીમાર્થીઓને સાઈન લેંગ્વેજ શીખવવામાં આવેલ અને માહિતી આપી, સાઈનનું મહત્વ સમજાવવામાં આવેલ.

**સ્વચ્છતા ભારત મિશન :**

એક તારીખ એક કલાક એક સાથે ૧ ઓકટોબરના રોજ સવારે ૧૦ વાગ્યે સ્વચ્છતા માટે નાગરિકોની આગેવાની હેઠળ એક કલાકના શ્રમદાન માટે રાષ્ટ્રીય આહવાન અંતર્ગત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૯ વર્ષ પહેલા ૨૦૧૪માં સ્વચ્છતા માટે સંદેશ આપ્યો હતો. જેનું જીવનના તમામ ક્ષેત્રોમાંથી આવતા નાગરિકોએ સ્વાગત કર્યું અને સક્રિયતા બતાવીને સ્વચ્છ ભારત બનાવવા માટે ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. મન કી બાતના ૧૦૫ મા એપિસોડમાં માનનીય વડાપ્રધાનશ્રીએ તમામ નાગરિકોને પહેલી ઓકટોબરના રોજ સવારે ૧૦ વાગ્યે સ્વચ્છતા માટે, સામૂહિક રીતે ગાંધી જયંતિની પૂર્વસંધ્યાએ બાપુને સ્વચ્છ શ્રધ્ધાંજલિ આપવા માટે ૧ કલાક શ્રમદાન કરવા અપીલ કરી હતી. જે અંતર્ગત ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ અને શિક્ષકોએ પહેલી ઓકટોબરના રોજ સવારે ૧૦ થી ૧૧:૩૦ વાગ્યા દરમ્યાન દોઢ કલાક માટે સ્વચ્છતા અભિયાન હેતુ, ભાવનગર બસ સ્ટેન્ડ તેમજ બસ ડેપો વર્કશોપમાં ગંદકીને દૂર કરીને 'સ્વચ્છ શહેર સુંદર શહેર' બનાવવા, રાષ્ટ્રપિતા શ્રી મહાત્મા ગાંધીને સ્વચ્છાંજલી આપેલ. જેમાં ભાવનગર બસ સ્ટેન્ડના વિભાગીય નિયામકશ્રી મત્રોજા સાહેબ, એ.ટી.એલ. શ્રી ગોગડા સાહેબ, બતાડા સાહેબ, યુનિયન શ્રી દિલીપસિંહ ગોહિલ, મુસ્તાકભાઈ વગેરે ઉપસ્થિત રહેલ અને તેઓએ કોલેજની કામગીરીને બીરદાવેલ. સમગ્ર કામગીરી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષ યાદવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. દ્વારા કરવામાં આવેલ.

**રિસોર્સ પર્સન :**

યશ સ્પેશિયલ ટીચર્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટયુટ વાસીમ, મહારાષ્ટ્ર દ્વારા આયોજિત તા. ૨૬-૯ ના રોજ એક દિવસીય ઓનલાઈન સી.આર.ઈ. પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડૉ. સંતોષ યાદવ દ્વારા **રિસોર્સ પર્સન** તરીકે "ટીચર એજ્યુકેશન : NEP 2020" વિષય પર એક કલાકના લેકચર લેવામાં આવેલ.

**જર્નલ કલબ :** સંસ્થા સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટીચસર્ટ ટ્રેનિંગ કોલેજમાં તા. ૧૯-૮ ના રોજ **જર્નલ કલબ** યોજવામાં આવેલ. જેમાં..

| તારીખ | પ્રસ્તુતકર્તા | માર્ગદર્શક | ટોપીક | ભાગ લેનાર ટ્રેનીજોની સંખ્યા |
|---|---|---|---|---|
| 19-08-2023 | Deependra Singh Deshraj | Dr. Santosh Sir | Introduction to Universal Design for Learning (UDL) : Principles and Framework | 95 |
| 26-08-2023 | Shiwani Kumari<br>Deepak Tanwar | Mr. Ajeet Sir | National Curriculum Framework for Foundational Stage 2022 | 95 |
| 02-09-2023 | Gohel Hiral Dharmendra<br>Firoj Khan | Mrs. Manju Madam | Introduction to PRASHAST App : Features, Purpose and Benefits | 95 |
| 09-09-2023 | Harpreet Kaur Jamna<br>Laxman | Mrs. Daya Madam | NIPUN Bharat Mission : Stakeholders Roles & Responsibilities | 95 |

| | | | | |
|---|---|---|---|---|
| 16-09-2023 | Vala Selvi Purushotm Ramani Khushali | Mr. Abhishek Sir | National Curriculum Framework for School Education 2023 | 95 |
| 23-09-2023 | Bhatt Mansi Ravi Pratap Sandeep Mehta | Dr. Santosh Sir | UDL and Differentiated Instruction : Enhancing Learning for All Students | 95 |
| 30-09-2023 | Bhanupriya Sharvan Kumar Sumer Dan | Mr. Ajeet Sir | Multilingual Learners and Literacy : Embracing Linguistic Diversity in the Classroom | 95 |
| 07-10-2023 | Suman Ukaram Vaja Janvi | Mrs. Manju Madam | Integrating Math Concepts in Early Education Play-Based Learning for Numeracy : | 95 |
| 14-10-2023 | Zaz Shefwan, Padia Bhakti, Anju Kumari | Mrs. Dayaben | NRT, CRT & TMT : Development & Implementation | 95 |

**ઓનલાઈન સી.આર.ઈ.નું આયોજન :**

કોલેજમાં તા. ૧૨-૧૦ ના રોજ આર.સી.આઈ. ના માર્ગદર્શન હેઠળ એક દિવસીય ચાર કલાકના ઓનલાઈન સી.આર.ઈ. કાર્યક્રમ આર.સી.આઈ. ના વેબેક્સ પ્લેટફોર્મ પર યોજવામાં આવેલ. જેનો ટોપિક 'NCFSE માં સમાવિષ્ટ અને સમાન શિક્ષણની જોગવાઈઓ' વિશે માહિતી મેળવવાનો હતો. પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ભારતના અલગ-અલગ રાજ્યમાંથી ૨૫૦ થી પણ વધારે લોકોએ વેબેક્સ અને ઝૂમ પ્લેટફોર્મ પરથી એક દિવસીય કાર્યક્રમમાં જોડાયેલ. તેમજ કાર્યક્રમનું સીધું પ્રસારણ યુટયુબ ચેનલ પર કરવામાં આવેલ. કાર્યક્રમમાં રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંત ૧. શ્રીમતી મંજુ યાદવ દ્વારા 'વિશેષ પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓ માટે સમાવિષ્ટ વ્યવહારો' ટોપિક પર સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન એક કલાકના લેકચર લેવામાં આવેલ. ૨. ડૉ. ધનંજય દેશમુખ દ્વારા શાળા શિક્ષણમાં સમાવિષ્ટ વ્યવહારોનું ચિત્રણ ટોપિક પર સવારે ૧૧:૦૦ થી ૧૨ કલાક દરમ્યાન લેકચર લીધેલ. ૩. શ્રી સોમ ક્રિષ્ન દ્વારા 'વિકલાંગ વિદ્યાર્થીઓ માટે સમાવેશી પ્રેક્ટિસ' ટોપિક પર બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ એક કલાકના લેકચર લીધેલ. તેમજ ૪. ડૉ. સંતોષ યાદવ દ્વારા 'શાળા શિક્ષણમાં સમાવેશ માટેની પધ્ધતિ' ટોપિક પર બપોરે ૨ થી ૩ કલાક દરમ્યાન એક કલાકના લેકચર લીધેલ અને રિસોર્સ પર્સન તરીકે સેવા આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા અને ટીચર્સ ટ્રેનિંગ કોલેજના આચાર્યશ્રી ડૉ. સંતોષ યાદવ દ્વારા કરવામાં આવેલ.

**સી.આર.ઈ.ના સંદર્ભમાં આર.સી.આઈ. દ્વારા યોજાયેલ મિટીંગ :**

તા. ૧૩-૧૦ ના રોજ આર.સી.આઈ. નવી દિલ્હી દ્વારા સવારે ૧૧:૩૦ કલાકે વેબેક્સ પ્લેટફોર્મ પર આર.સી.આઈ. ના ચેરપર્સન સરનજીત કૌર અને સચિવ દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ શ્રી રાજેશ અગ્રવાલ (આઈ.એ.એસ.) તથા આર.સી.આઈ. ના અધિકારીઓ તેમજ ભારતના પ્રતિષ્ઠિત કુલ ૫૫ સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયેલા હતાં. આ ઓનલાઈન મિટીંગમાં આપણી સંસ્થા દ્વારા ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા નિમ્નલિખિત મુદ્દાઓ વિશે ચર્ચાઓ કરી હતી.

૧. આર.સી.આઈ. જે આર્ટિકલ છપાવવા માટે આર્ટિકલની માંગણી સંસ્થાઓ પાસેથી કરે છે તેની પ્રોસેસ શું રહેશે ?

૨. NBER દ્વારા D.Ed. Spl.Ed. ની પરીક્ષા માટે જે એનરોલમેન્ટ ફી, પરીક્ષા ફી અને એફિલિએશન ફીની માંગણી ઓનલાઈન કરે છે તેનો બીજો વિકલ્પ NEFT દ્વારા થઈ શકે કે કેમ ?

૩. આર.સી.આઈ. ને યુનિવર્સિટીની જેમ સંસ્થાઓમાં કાર્ય કરતા હાયર એજ્યુકેશન ધરાવતા પી.એચ.ડી. પદવીધારી અનુભવી વિદ્વાનો પાસેથી Minor કે Major પ્રોજેકટ થાય તો સ્પેશિયલ એજ્યુકેશન માટે ઘણું સારું રહેશે.

૪. અમારી સંસ્થા દ્વારા તા. ૨૧-૧૧ ના રોજ કોલેજના નામ બદલવા માટે અરજી કરેલ હતી પરંતુ આજ સુધી કોલેજનું નામ બદલાયેલ નથી, તેના માટે યોગ્ય પગલા લેવા વિનંતી.

ઉપરોકત ચર્ચા ઉપરાંત ઘણા મુદ્દાઓની ચર્ચા આર.સી.આઈ. ના અધિકારી દ્વારા કરવામાં આવેલ. જેમાં ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા ભાગ લેવામાં આવેલ.

**ઓબ્ઝર્વેશન :**

બી.એડ. સ્પે. એજ્યુ. ૨૦૨૩-૨૫ ના તાલીમાર્થીઓ અભ્યાસક્રમ અનુસાર તાલીમના ભાગરૂપે સ્કૂલમાં પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા વિશેષ શિક્ષણને સમજે અને અનુભવ મેળવે છે. તાલીમાર્થીઓ વિશેષ શિક્ષણ પધ્ધતિ વર્ગ વ્યવસ્થા અને વર્ગનું વાતાવરણ સમજે એ માટે પ્રાથમિક શાળાના વર્ગોમાં તા. ૩-૧૦ થી ૩-૧૧ દરમ્યાન એક મહિના માટે તાલીમાર્થીઓને કલાસરૂમનું ઓબ્ઝર્વેશન કરવા માટે મોકલવામાં આવે છે.

**ટી.એલ.એમ. પ્રદર્શન :**

ડી.એડ. સ્પે. એજ્યુ. ૨૦૨૧-૨૩ ના તાલીમાર્થીઓ અભ્યાસક્રમ અનુસાર ટીચિંગ લર્નિંગ મટિરિયલ બનાવવામાં આવે છે. જેમાં શ્રી શ્રવણકુમારે સોલાર સિસ્ટમ અને નમામિ ગંગે મોડેલ, શ્રી દિપેન્દર



સિંઘે, સ્ટીમર મોડેલ અને સ્માર્ટ સિટી, શ્રી ફિરોજ ખાને ઈલેક્ટ્રિક પાવર અને રેન વોટર હાર્વેસ્ટિંગ, શ્રી ઉકા રામે સંસદ (લોકસભા) અને સ્ટેચ્યુ ઓફ લિબર્ટી, શ્રી ધર્મેન્દ્ર સિંઘે સિગ્નેચર બ્રિજ મોડેલ અને લંગ્સ મોડલ, શ્રી લક્ષ્મણ ગોદરાએ ૩ડી મોડેલ સ્કૂલ અને પોલ્યુશન મોડેલ, શ્રી સુમેર દાને ફોરલેન સોલર હાઈવે અને સંસદ (રાજયસભા), શ્રી રવિપ્રતાપ સિંઘે તત્વોના પ્રતીક અને વોટર ફાઉંટેન સિમેન્ટ, શ્રી પુરુષોતમે વિન્ડ ટર્બાઈન મલ્ટિપલ ટેબલ વ્હીલ મોડેલ (ગણિત), શ્રી રામાણી ખુશાલી પરેશભાઈએ ગ્લોબલ વોર્મિંગ અને અર્થ લેયર, શ્રી વાજા જાહન્વીએ એસિડ રેન વોટર અને ગ્રીન હાઉસ મોડેલ, શ્રી દિપક તનવરે હોર્વેસ્ટિંગ વોટર સોલાર સિસ્ટમ, શ્રી જમના વૈરાગીએ સિડ જમીનેસન અને ઈલેક્ટ્રિક સર્કિટ, શ્રી સંદીપ અમેટાએ ઉત્સર્જન તંત્ર અને ગ્રીન હાઉસ ઈફેકટના ફંકશનલ મોડેલ તાલીમાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ છે, જેનું પ્રદર્શન શાળાના સ્ટાફ રૂમમાં રાખવામાં આવેલ. જેને પ્રાથમિક શાળાના આચાર્ય, માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ અને કોલેજના તાલીમાર્થીઓ અને સ્ટાફ દ્વારા નિહાળ્યું અને તાલીમાર્થીઓના કાર્યને બિરદાવવામાં આવ્યું.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી.સી. લોટાવાળા હોસ્પિટલ

સૂર્યકાંત ચાવડા



## ફેફસાના રોગોના નિદાન કેમ્પ વિનામૂલ્યે યોજાયો.

હોસ્પિટલ દ્વારા તા. ૭-૧૦, ૧૨-૧૦ અને ૧૯-૧૦ ના રોજ ફેફસાના રોગોનો માટેનો વિનામૂલ્યે નિદાન કેમ્પ, બપોરના ૪ થી ૭ દરમ્યાન રાખવામાં આવ્યો હતો. જેમાં શરદી, ખાંસી, તાવ, અસ્થમા, દમ, શ્વાસના રોગો, ગળફામાં લોહી પડવું, ટી.બી., ન્યૂમોનિયા, બી.પી., ડાયાબિટીસ તથા ફેફસાને લગતા તમામ રોગો માટે ફેફસાના રોગોના નિષ્ણાત ડૉ. શ્રીનેશ અગ્રવાલ (એમ.ડી. ફિઝીશ્યન) દ્વારા સેવા આપવામાં આવી હતી. જેમાં નેબ્યુલાઈઝર, ઈ.સી.જી., ગ્લુકોમિટરની સેવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. જેનો બહોળી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવામાં સંસ્થાના તમામ કર્મચારીઓ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.



| Departmenr | No. of Service | No. of Patient |
|---|---|---|
| Chest Physian | 3 | 3 |
| Dental | 273 | 273 |
| E.N.T. | 613 | 613 |
| EYE | 241 | 215 |
| EYE Retina | 8 | 8 |
| Family Physician | 156 | 156 |
| General Surgeon | 7 | 7 |
| Pathology Lab. | 272 | 121 |
| Maternity | 56 | 51 |
| Orthopedic | 35 | 35 |
| Pediatric | 20 | 20 |
| M. D. Physician | 43 | 43 |
| Psychiatric | 22 | 22 |
| Skin | 138 | 138 |
| Sonography | 22 | 22 |
| Physiotherapist | 23 | 23 |
| X-Ray | 24 | 24 |
| Proctologist | 4 | 4 |
| Sivan Class | 16 | 16 |
| **Grand Total** | **1976** | **1794** |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



## પેરેન્ટ્સ ટ્રેઈનિંગ - 'ચાલો આપણા બાળકોને ઓળખીએ' :




શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં નવા પ્રવેશ મેળવેલ બાળકોના વાલીઓ માટે તા. ૨૬-૯ થી તા. ૩૦-૯ દરમિયાન **'ચાલો આપણા બાળકોને ઓળખીએ'** થીમ ઉપર એક **પેરેન્ટ્સ ટ્રેઈનિંગ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના શિક્ષકો દ્વારા મંદબુધ્ધિ અને તેને સંબધિત વિવિધ બાબતો, જે બાળકના સર્વાંગી વિકાસ માટે અતિ જરૂરી છે, તેના વિશે વાલીઓને અતિ ઉપયોગી માહિતી આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન શિક્ષક શ્રી પારૂલબેન પાઠક દ્વારા કરવામાં આવેલ.

## બોર્ડ ઓફ ટ્રસ્ટી મિટીંગ :




વર્ષ ૨૦૨૨-૨૩ ની બોર્ડ ઓફ ટ્રસ્ટીની મિટીંગ તા. ૧-૧૦ ના રોજ યોજાયેલ. જેમાં માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે શાળામાં સમગ્ર વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા વહિવટી બાબતોની માહિતી આપેલ. શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેનો અહેવાલ શ્રી ડી.જે. ધંધુકિયા દ્વારા આપવામાં આવેલ. માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ તરફથી બજેટ તથા ઓડિટેડ હિસાબો રજૂ કરવામાં આવેલ. મિટીંગમાં હાજર ટ્રસ્ટીશ્રીઓ તથા સભ્યશ્રીઓ દ્વારા સંસ્થાની કામગીરીને બીરદાવવામાં આવેલ અને 'અંકુર'ની સમગ્ર ટીમને અભિનંદન આપવામાં આવેલ.

## સ્વચ્છતા અભિયાન :

**'સ્વચ્છ ભારત સ્વચ્છ ભારત અભિયાન'** અંતર્ગત, ગાંધી જયંતિ નિમીત્તે ૧-૧૦ ના રોજ શ્રમદાનનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના સ્ટાફ મિત્રો દ્વારા શાળાનું કેમ્પસ તથા કેમ્પસ બહાર સફાઈ કરી, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને સ્વચ્છાજંલિ અર્પણ કરેલ.

## દિવ્યાંજલિ :

સંસ્થાના માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠના પિતાશ્રી સ્વ. કનૈયાલાલ ભોગીલાલ શેઠના ગૌલોકવાસથી સંસ્થા પરિવાર ઉંડા શોકની લાગણી અનુભવે છે. તેઓ ૮૩ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી હર્યો-ભર્યો વિશાળ લીલોછમ સુખી પરિવાર છોડીને પંચમહાભુતમાં લીન થયા છે.



## પોલિસ સ્ટેશનની મુલાકાત :

શાળાના મનોદિવ્યાંગ બાળકો વિવિધ સરકારી વ્યવસાયકારો તથા તેની કામગીરીથી પરિચીત થાય તેવા ઉમદા આશય સાથે અલગ-અલગ સરકારી વિભાગોની મુલાકાતનું આયોજન સમયાંતરે શાળા દ્વારા થતું હોય છે, જેના ભાગરૂપે તા. ૫-૧૦ ના રોજ શાળાના ૩૫ મનોદિવ્યાંગ બાળકો તથા ૪ શિક્ષકોએ ભરતનગર પોલિસ સ્ટેશનની મુલાકાત લીધેલ અને પોલિસ એટલે શું ? તેની કામગીરી શું હોય ? વિગેરે બાબતોથી પરિચીત થયેલ.

## સી.પી. સ્કૂલ મુલાકાત :

૫ ઓકટોબર સેરેબ્રલ પાલ્સી ડે તરીકે ઉજવવામાં આવે છે જેના




અનુસંધાને નટરાજ સી.પી. સ્કૂલમાં એક શૈક્ષણિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના ૨૦ બાળકો તથા ૨

શિક્ષકોએ મુલાકાત લીધેલ. તેમજ સન્માન સમારોહમાં આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી હાજર રહેલ.

**આચાર્યશ્રીઓનું રાજ્ય કક્ષાનું અધિવેશન :**

સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ શાળા ખાતે **"Panel Discussion for Uniformity in Curriculum in Schools for ID"** વિષય ઉપર આચાર્યશ્રીઓનું રાજ્ય કક્ષાનું અધિવેશન યોજાયેલ. જેમાં ગુજરાતના સુરત, વડોદરા, અમદાવાદ, જૂનાગઢ, બોરસદ, જામનગર, ધોરાજી, વલસાડ, આણંદ, બોટાદ વિગેરે સ્થળોએથી સ્પેશ્યલ સ્કૂલના ૧૫ આચાર્યશ્રીઓએ હાજર રહી, મનોદિવ્યાંગ બાળકોની એડમિશન પ્રક્રિયા, સ્ક્રીનિંગ, એસેસમેન્ટ ટૂલ્સ, ઈવોલ્યુએશન મેથર્ડ તથા કરીકયુલમ અંગે ગહન ચર્ચા કરવામાં આવેલ તથા સમગ્ર રાજ્યની દરેક સ્પેશ્યલ સ્કૂલમાં સમાન એડમિશન પ્રક્રિયા તથા કરીકયુલમના અમલ પર ભાર મુકવામાં આવેલ.

આ અધિવેશનમાં શાળાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, શ્રી ડી.જે. ધંધુકિયા, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ ઉપસ્થિત રહેલ. આ સમગ્ર અધિવેશન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ, શિક્ષક શ્રી પારૂલબેન પાઠક તથા શ્રી રેશ્માબેન શાહ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવેલ.



## સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી
## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન

ડો. ભાવિકા કામદાર



**વેલકમ - ફેરવેલ કાર્યક્રમ :**



ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના D.Ed. Spl. Ed. (IDD) કોર્સમાં બેચ વર્ષ ૨૦૨૩-૨૫ કુલ ૩૫ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. સિનીયર તાલીમાર્થીઓએ નવા પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓને આપણી આગવી ભારતીય પરંપરા અનુસાર તિલક કરી મોં મીઠું કરાવી, સ્વાગત કરેલ. આજે મોટા ભાગની કોલલેજમાં રેગિંગનું દુષણ પ્રવર્તે છે, ત્યારે અહીં બિલકુલ વિપરીત રીતે નવી બેચને આવકારવામાં આવે છે. તેજ રીતે બેચ વર્ષ ૨૦૨૧-૨૩ ના વર્ષના તાલીમાર્થીઓના કોર્સનો સમયગાળો પૂર્ણ થતાં તેમને વિદાય આપવામાં આવેલ. તેઓએ બે વર્ષના ટ્રેઈનિંગ સમયના સંસ્મરણો વર્ણવેલ. આ પ્રસંગે ટ્રેઈનિંગ કોલેજના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી તથા ફેકલ્ટી મેમ્બર્સ હાજર રહેલ. કો-ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવિકાબેનના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો.

**શ્રમદાન અભિયાન :**

ગાંધી જયંતિ નિમીત્તે **સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત** અંતર્ગત એક કલાકના **શ્રમદાન** કરવાનું આહ્વાન સરકારશ્રી દ્વારા કરવામાં



આવેલ, જેના અનુસંધાને ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા કોળિયાક ગામ ખાતે સ્વચ્છતા કરવામાં આવી હતી.

**મેન્ટલ હેલ્થ ડે - અવેરનેસ :**

સમગ્ર વિશ્વમાં ૧૦ ઓકટોબર **મેન્ટલ હેલ્થ ડે** તરીકે મનાવવામાં આવે છે, જેના ભાગરૂપે ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા મેન્ટલ હેલ્થ અંગેના ચાર્ટ તૈયાર કરી, ભાવનગર શહેરના જોર્ગસ પાર્ક, વેલેન્ટાઈન સર્કલ, રૂપાણી સર્કલ જેવા વિસ્તારમાં પ્રદર્શન કરી રાહદારીઓને માનસિક સ્વાસ્થ્ય અંગે સમજણ આપેલ. જેમાં ભાવેણાવાસીઓનો સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ.

**પ્રસંશનીય કાર્ય :**

ટિચર્સ ટ્રેનિંગ કોલેજના વર્ષ ૨૦૨૦-૨૨ તથા ૨૦૨૧-૨૩ બેચના વિદ્યાર્થીઓ દ્વારા, ભાવનગર શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી મનોદિવ્યાંગ બાળકો માટે ડોનેશન એકઠું કરી, શાળાના અતિ જરૂરિયાતવાળા ૨૮ બાળકોને કપડાનું વિતરણ કરવામાં આવેલ. વિદ્યાર્થીકાળ દરમિયાન આવું ઉમદા કાર્ય કરવા બદલ કો-ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવિકાબેન કામદાર દ્વારા દરેક તાલીમાર્થીઓને અભિનંદન આપી, ભવિષ્યમાં આવા કાર્ય કરતા રહેવાનો અનુરોધ કર્યો હતો



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ સુકેતુ શાહ



**ઓનલાઈન તાલીમ અને લેપટોપ વિતરણ કાર્યક્રમ :**



દિવ્યાંગ ભાઈઓ તથા બહેનો માટે એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ દ્વારા વર્તમાન સમયને અનુલક્ષીને તેમજ તે માટે ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેનિંગ માટે **લેપટોપ વિતરણ** તેમજ **તાલીમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૭-૧૦ ના રોજ કોમ્પ્યુટર DTP (ડેસ્ક ટોપ પબ્લિશિંગ) કોર્સની દ્વિતીય બેચ શરૂ થવા જઈ રહી હોય, જેમાં ઘોઘા અને વલ્લભીપુર તાલુકાના ૨૦ જેટલા દિવ્યાંગ ભાઈઓ-બહેનોને ઓનલાઈન તાલીમ અર્થે સંસ્થા દ્વારા ૨૦ નંગ અદ્યતન લેપટોપ સાથે બુક્સ, સીડી, હેન્ડસ ફ્રી તેમજ ઈન્ટરનેટ જોડાણ માટે પ્રિપેઈડ ડોંગલ જેવા સંસાધનો ટ્રેનિંગ માટે વિતરણ સંસ્થાના ટ્રસ્ટીગણ સર્વશ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ,શ્રી એચ.પી. રાખશિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા તેમજ શ્રી પ્રદીપભાઈ ભટ્ટના હસ્તે અપાયા હતાં. આ તમામ વિદ્યાર્થીઓને સંસ્થા ખાતે વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલી સાથે મિટીંગ કરી, ઘરે બેઠાં તેઓ તાલીમ મેળવી શકે તેવા હેતુ સહ, ઓનલાઈન તાલીમ પધ્ધતિ અંગેનું માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા સિનિયર એક્ઝિક્યુટિવ શ્રી સુકેતુભાઈ શાહ તથા સ્કીલ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ બુધેલિયાએ જહેમત ઉઠાવી હતી.

# બધિરોની માતૃભાષા - સાઈન લેંગ્વેજ



✍ વિરેન્દ્રસિંહ ગોહિલ

તમે અવાજ વગરની એવી દુનિયાની કલ્પના કરી શકો કે જ્યાં પંખીનો કલરવ ન હોય, જ્યાં કુટુંબીજનોની વાતચીત ન હોય, જ્યાં ટીવી, મોબાઈલ કે અન્ય  કોઈ પ્રકારના અવાજ જ ન હોય ? હા, આપણી વચ્ચે આવી જ એક નાનકડી દુનિયા વસે છે. આ દુનિયા એટલે શ્રવણમંદ લોકોની દુનિયા. જેને આપણે શ્રવણમંદ ઉપરાંત બધિર, બહેરાં, ડેફ કે બહેરાં-મૂંગા વ્યક્તિ તરીકે ઓળખીએ છીએ. ખરેખર તો તેઓ ફક્ત બહેરાં જ હોય છે, મૂંગા નહીં, કારણ કે બોલવા માટેના જે અવયવોની જરૂર હોય છે તે અવયવો સામાન્ય (કાર્યક્ષમ) જ હોય છે; પરંતુ સાંભળી ન શકવાના કારણે તેઓ બોલી શકતા નથી. આ બાબત આપણે એક નાનકડાં ઉદાહરણ દ્વારા સમજીએ. તમે ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી સાંભળી, સમજી અને બોલી શકો છો. પરંતુ જો તમને અચાનક ગુજરાતમાંથી ફ્રાન્સમાં ત્યાંના સ્થાનિક લોકો સાથે મૂકી દેવામાં આવે કે જેઓ ફક્ત ફ્રેન્ચ ભાષા જ જાણે છે તો શું તમે તેમની સાથે ફ્રેન્ચમાં વાત કરી શકશો ? નહીં કરી શકો, કારણ કે તમે નાનપણથી જ ફ્રેન્ચ ભાષા સાંભળી નથી. બસ આવુ જ બધિર લોકો સાથે થતું હોય છે. તેઓ જન્મથી જ સાંભળતા ન હોવાને કારણે કોઈપણ પ્રકારની બોલાતી ભાષા સાંભળી શકતા નથી અને એના કારણે જ તેઓ બોલી શકતા નથી. આમ છતાં તેઓ સારી રીતે કમ્યુનિકેશન (પ્રત્યાયન) કરી શકે છે અને આ કમ્યુનિકેશનનું માધ્યમ છે **સાઈન લેંગ્વેજ**. જેને ગુજરાતીમાં સાંકેતિક ભાષા અથવા ઈશારાની ભાષા કહે છે, જેઓ પોતાની લાગણી માંગણી અને ઈચ્છાઓ બોલીને વ્યકત નથી કરી શકતા, તે સાઈન લેંગ્વેજ દ્વારા કરે છે. આજે ૨૩મી સ્ટેમ્બરને સમગ્ર વિશ્વમાં **આંતરરાષ્ટ્રિય સાઈન લેંગ્વેજ દિવસ** તરીકે ઉજવવામાં આવે છે. આમ તો યુનાઈટેડ નેશનલ દ્વારા સપ્ટેમ્બર મહિનાના છેલ્લાં અઠવાડિયાને **બધિર સપ્તાહ** તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. જેની શરૂઆત ૨૩ સપ્ટેમ્બરે **સાઈન લેંગ્વેજ ડે** (Sign Language Day) થી થાય છે અને સપ્ટેમ્બરના છેલ્લાં રવિવારને **વર્લ્ડ ડેફ ડે** (વિશ્વ બધિર દિન) તરીકે ઉજવવામાં આવે છે.

**વધુ આવતા અંકે ...**



સ્વ. ગિરીશભાઈ અમૃતલાલ શાહ (પૂર્વ કલેકટર)ની જન્મ સ્મૃતિમાં ૨૫ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે ડોનેશન પ્રાપ્ત થયેલ અને આ પ્રસંગે તેમનો પરિવાર અને સ્નેહીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



શ્રી જયોતિબેન પરમાર (શિક્ષક, નટરાજ સી.પી. સ્કૂલ) ને રોટરી કલબ ભાવનગર-રોયલ દ્વારા, નેશનલ બિલ્ડર એવોર્ડ-૨૦૨૩ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં.



દર્દી દિલીપભાઈ વાજા આગથી દાજી જતાં આ એકિસડેન્ટમાં હાથને ગંભીર ઈજા થયેલ. આ સંજોગોમાં PNR હોસ્પિટલમાં ડૉ. નરેશભાઈ વાઘવા અને દાતાશ્રી મનોજભાઈ શાહના સહયોગથી એકદમ રાહતદરે ઓપરેશન કરવામાં આવ્યું હતું.



PNR હોસ્પિટલના ડેન્ટિસ્ટ વિભાગના ડૉ. કૃતિબેન શાહ તરફથી નટરાજ સી.પી. સ્કૂલ, બહેરાં-મૂંગા શાળા, અંધશાળાના વિદ્યાર્થીઓને ડેન્ટલ કીટ અર્પણ કરવામાં આવી હતી.



નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા, સંસ્થાના દિવ્યાંગ બાળકો નિર્મિત વસ્તુઓનો સ્ટોલ તા. ૯-૮ ના રોજ રામી માળી જ્ઞાતિ, કાળાનાળામાં પ્રદર્શન સહ વેચાણ માટે મૂકવામાં આવેલ હતો.



શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલમાં ગાયનેકોલોજીસ્ટ તરીકે ડૉ. યશશ્રી શાહ જોડાતા, સંસ્થાના પ્રમુખશ્રી બાબાભાઈ દ્વારા તેમનું પૂષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.



તળાજા સેન્ટરમાં સી.પી. ડેની ઉજવણી...



કે.એન. શાહ ઈન્કલુઝિવની ફલેમિંગો કલબ દ્વારા વૃક્ષારોપણ

# ૧ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Harsha Sheth - Mumbai | 7,000 |
| Shri Rasik Ratilal Doshi - Mumbai | 1,50,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 7,000 |
| Mrs. Kusum Gupta - Bhavnagar | 5,000 |
| Shri J M Enterprise (Prop. Atul Ajmera) - Mumbai | 25,000 |
| Shri Tulsibhai Muljibhai Patel - Bhavnagar | 50,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Dulari Nareshbhai Patel - Bhavnagar | 6,000 |
| Shri Nihchal Israni Foundation - Mumbai | 5,00,000 |
| Shri Mahesh Ambalal Patel - Mumbai | 5,000 |
| Dr.Vimalbhai M.Ramani - Amreli | 6,000 |
| Shri Raviraj Jodhwani - Bhavnagar | 6,000 |
| Shri Jyoti Impex - Mumbai | 50,000 |
| Shri Mehta Keyurbhai Bharatbhai - Bhavnagar | 6,000 |
| B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Society - Mahuva | 76,000 |
| Shri Sitaram Jindal Foundation - Banglore | 30,000 |

### CSR

| | Rs. |
|---|---|
| Shri Anand Engineers Pvt.Ltd. - Mumbai | 1,00,000 |
| The Associated Auto Parts Pvt. Ltd. - Mumbai | 1,75,000 |

### FCRA

| | Rs. |
|---|---|
| See International - USA | 2,51,128 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Late Temubha Mansi Gohil - Bhavnagar | 8,000 |
| Late Tejasbhai Mansukhbhai Rathod - Bhavnagar | 10,000 |
| Late Ghanshyamsinh Gohil - Bhavnagar | 6,000 |
| Late Vivekbhai Ajaybhai Doshi - Bhavnagar | 8,000 |
| Shri Bipin Kantilal Thakkar - Bhavnagar | 10,000 |
| Shri Pragneshbhai Khavadiya - Bhavnagar | 4,000 |
| Shri Ajaybhai Doshi (In Mem Of Lt.Vivekbhai Doshi - Bhavnagar | 10,000 |
| Shri Vinod Jamnadas Shah - Mumbai | 6,000 |
| Goma Engineering Private Limited - Thane | 25,000 |
| Shri Karmadityasinh D. Sarvaiya - Bhavnagar | 6,000 |
| Shri Jasumatiben D. Raval - Gadhada | 12,000 |
| Shri Ashvinkumar G. Pandya - Bhavnagar | 6,000 |
| Shri Kirti Kantilal Shah - Mumbai | 10,000 |
| Shri Kirti Kantilal Shah - Mumbai | 10,000 |
| Shri Kirti Kantilal Shah - Mumbai | 25,000 |
| Late Shyamaben Ramchandrabhai Pancholi - Bhavnagar | 16,500 |
| Late Nirmalsinh Satubhai Gohil - Bhavnagar | 1,000 |
| Shri Maheshbhai Kishanbhai Kshirsagar - Bhavnagar | 1,000 |
| Late Dhirendrabhai Ramniklal Patel - Bhavnagar | 6,000 |
| Late Vasantray Popatlal Dhanghadhariya - Bhavnagar | 5,250 |
| Shri Jasumatiben Chimanlal Vasa - Mumbai | 10,000 |
| Shri Rajvardhansinh Pratipalsinh Rana - Bhavnagar | 6,000 |
| Shri Bhanumati Harshadrai Gohil-Bhavnagar | 20,000 |
| Shri Jigneshbhai J. Gajjar - Bhavnagar | 12,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Parag Shah - Ahmedabad | 6,000 |
| Shri Hasmukh C. Mehta - Mumbai | 10,000 |
| Shri Darshak Manharbhai Vaghela - Bhavnagar | 11,001 |
| Shri Badhir Mandal - Bhavnagar | 2,000 |
| Shri Akshita Sharadbhai Rathod - Bhavnagar | 4,000 |
| Shri Prashantbhai D. Patel - Bhavnagar | 2,500 |
| Shri Jitubhai Savjibhai Vaghani - Bhavnagar | 12,000 |
| Shri Kaushalbhai H. Mehta - Bhavnagar | 2,000 |
| Shri Sarlaben Harshadbhai Rajyaguru - Bhavnagar | 5,000 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 12,500 |
| Shri Aradhyaba Shivbhadrasinh Gohil - Bhikda | 4,000 |
| Shri Sonal Pranav Mehta - Bhavnagar | 25,000 |
| Shri Pranav Hrushikesh Mehta - Bhavnagar | 25,000 |
| Shri Vithalbhai Kanjibhai Patel - Ankleshwar | 5,100 |
| Shri Amitbhai J. Anghan - Bhavnagar | 6,000 |
| Shri Amitbhai J. Anghan - Bhavnagar | 4,000 |
| Shri Girdharlal Motichand Vasani - Botad | 2,000 |
| Shri Ketanbhai Arvindbhai Bhatt - Bhavnagar | 4,000 |
| Shri Ghanshyam Trading - Bhavnagar | 2,500 |
| Shri Bhalchandra P. Bhatt - Vadodara | 5,000 |
| Shri Jay Adinath Bhakti Group - Bhavnagar | 6,000 |
| Shri Alpeshbhai Nevla & Shri Manishbhai Siddhpura - Akwada | 8,000 |
| Shri Param Ashokbhai Khatsuriya-Bhavnagar | 2,500 |
| Late Shamjibhai Dhanjibhai Chauhan - Bhavnagar | 5,111 |
| Late Shamjibhai Dhanjibhai Chauhan - Bhavnagar | 6,000 |
| Shri Pradipbhai J. Gandhi - Bhavnagar | 2,500 |
| Shri Krish Chandrikaben Parmar - Bhavnagar | 2,050 |
| Shri Chandraben Kantilal Shah - Mumbai | 1,000 |
| Late Hansaben Pandya & Vinaben Shah - Bhavnagar | 7,551 |
| Shri Riddhiben Dhruvbhai Deliwala | |

| | |
|---|---|
| - Bhavnagar | 20,000 |
| Shri Vivekbhai & Arjunbhai - Bhavnagar | 1,100 |
| Late Shantuben Kalubhai Parmar - Bhavnagar | 3,000 |
| Shri Hiyan Pratik Doshi - Bhavnagar | 5,000 |
| Shri Dhvaneet Hardik Doshi - Bhavnagar | 5,000 |
| Shri Devendrabhai Vadilal Shah - Bhavnagar | 5,000 |
| Shri Mansukhbhai Maganbhai Kamani - Bhavnagar | 5,000 |
| Late Shyamuben Valjibhai Bhingaradiya - Bhavnagar | 5,000 |
| Late Premjibhai Lavjibhai Bhayani - Bhavnagar | 5,000 |
| Shri Amrutben Mohanbhai Lathiya - Bhavnagar | 5,500 |
| Shri Mohanbhai Bhikhabhai Lathiya-Bhavnagar | 5,500 |
| Shri Nasimben Karimbhai Pathan - Bhavnagar | 2,00,000 |
| Shri Chetanbhai Bambhaniya - Bhavnagar | 4,000 |
| Shri Parth Mehta - Bhavnagar | 3,000 |
| Shri Kripalsinh Zala - Bhavnagar | 8,000 |
| Late Ashish Sharadbhai Mehta - Bhavnagar | 2,500 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| | Rs. |
|---|---|
| Alang Auto And Gen. Engg. Co. Pvt. Ltd - Bhavnagar | 5,06,000 |
| Hi-Tech Investment Castings Private Limited - Bhavnagar | 1,50,000 |
| Shri P. R. Patel & Company - Bhavnagar | 1,18,000 |
| Shri Rajeshbhai Harshvadan Bhatt - Surendranagar | 1,00,000 |

| | |
|---|---|
| Amol Capital Markets Pvt.Ltd - Mumbai | 20,000 |
| Shri Bakul Mangaldas Mehta - Mumbai | 20,000 |
| Dolphine Management Adviser - Mumbai | 20,000 |
| Shri Manjulaben Pragjibhai Kotadiya - Rajkot | 11,111 |
| Mrs. Hansaben Rasiklal Solanki - London | 11,100 |
| Shri Kusumben Ashokbhai Pathak - Bhavnagar | 11,000 |
| Bhavnaben Bharatbhai Parekh - Mumbai | 11,000 |
| Subhagi Investment - Bhavnagar | 11,000 |
| Shri Kishorbhai Nagindas Bhayani - Bhavnagar | 11,000 |
| Shri Manjulaben Unadkar - London | 10,001 |
| Shri Ashaben Dilipbhai Kothari - Mumbai | 10,000 |
| Shri Nehal R. Gadhavi - Bhavnagar | 5,000 |
| Late Shri Sumanbhai G.Mehta - Bhavnagar | 5,000 |
| Well Wisher - Mumbai | 5,000 |
| Shri Ravi Upadhyay - Ahmedabad | 5,000 |
| Shri Jatinbhai Maniyar - Bhavnagar | 5,000 |
| Shri Jigna Acharya - Bhavnagar | 4,500 |
| Shri Kamleshbhai Rasiklal Sheth - Bhavnagar | 3,000 |
| Shri Pradipsinh Gohil (SDO Office) - Bhavnagar | 2,501 |
| Shri Anilbhai Keshavlal Shah | 2,500 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Shiraz Sadruddin Lalani - Mumbai | 1,111 |
| Shri Vanshbhai Gohel - Bhavnagar | 1,000 |
| Shri Narendra Vyas - Thane | 1,000 |
| Shri Manishbhai Thakar - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | Rs. |
|---|---|
| M/S. Medinex Laboratories Pvt.Ltd. - Bhavnagar | 25,000 |
| M/S. Voles Lighting & Plastic Industries - Mumbai | 1,00,000 |

## ફેમિલી ફોરમ અંતર્ગત 'રેવા' ફિલ્મ શો અને ફિલ્મના કલાકારોનું સન્માન

PNR સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના કર્મચારીઓ, કાર્યકર્તાઓ, ટ્રસ્ટીશ્રીઓ અને તેમના પરિવારના સભ્યોના મનોરંજન અને કલા સર્જકોનું સન્માન કરવાનો કાર્યક્રમ **ફેમિલી ફોરમ**ના ઉપક્રમે ૮ ઓકટોબરના રોજ નટરાજ કોલેજના ઓડિટોરિયમમાં યોજાય ગયો હતો. ગુજરાતની પૃષ્ઠભૂમિમાં સામાજિક અને ધાર્મિક માન્યતાઓથી વણાયેલ કથા અને મા નર્મદાના કિનારાનું સૌંદર્ય આ 'રેવા' ફિલ્મના માધ્યમથી સૌએ માણ્યું. નિર્દેશક શ્રી વિનીત કનોજિયા અને શ્રી રાહુલ ભોલે સાથે શ્રોતાઓએ રસપ્રદ વાર્તાલાપ કરેલ. સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ તથા માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના વરદ હસ્તે કલા-હસ્તીઓને સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.



# PNR સોસાયટી તસ્વીર સમાચાર


સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટસ ફેડરેશન ગુજરાત દ્વારા ટ્રેકસૂટ વિતરણ


સી. પી. સ્કૂલમાં વિશ્વ સી. પી. ડેની ઉજવણી



ફેમિલી ફોરમના ઉપક્રમે 'રેવા' ફિલ્મના દિગ્દર્શકોનું સન્માન


દિવ્યાંગો સાથે નવરાત્રિ મહોત્સવ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 November - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

